અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ મે ૨૦૨૫, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૨

વર્ષ : ૧૬
અંક : ૩૨૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





ગાંધીનગરમાં શહેરી વિકાસ કાર્યક્રમાં હાજરી

# વડાપ્રધાનના હસ્તે ૫૫૩૬ કરોડના ૨૭ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આયોજિત ૨૦ વર્ષ શહેરી વિકાસના કાર્યક્રમ યોજાયો હતો



। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતની મુલાકાતના બીજા દિવસે તેમણે ગાંધીનગરમાં હસ્તે રૂ.૫૫૩૬ કરોડના વિવિધ ૨૭ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કરાયા હતા. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આયોજિત ૨૦ વર્ષ શહેરી વિકાસના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા હતા. તેમના હસ્તે રૂ.૧૮૫૯ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને રૂ.૩૬૭૭ કરોડના વિકાસકામોના ખાતમુહૂર્ત થયા હતા. ૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૨૭૩૧ કરોડના ચેક અપાયાઃ વિવિધ કાર્યક્રમોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૧૦૦૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨૨ હજારથી વધુ રહેણાંક એકમોનું લોકાર્પણ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૭ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૨૭૩૧ કરોડ અને ૧૪૯ મ્યુનિસિપાલિટીને રૂ. ૫૬૯ કરોડના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**અમદાવાદ, જામનગર, સુરત સહિતના પ્રકલ્પો લોકાર્પિત**

અમદાવાદ ખાતે રૂ. ૧ હજાર કરોડના ખર્ચે બનનારા સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ નું ખાતમુહૂર્ત પણ થયું હતું. આ ઉપરાંત, શહેરી વિકાસ વિભાગ હેઠળ જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને જૂનાગઢના કુલ રૂ.૧૪૪૭ કરોડના અલગ અલગ પ્રકલ્પો પણ લોકાર્પિત કરાયા હતા. જળ સંશોધનના ૧૮૬૦ કરોડના કામોઃજળ સંસાધન વિભાગ હેઠળ રૂ. ૧૮૬૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ, સુરતના કાંકરા-ખાડીના કિનારે રૂ. ૧૪૫ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા બાયોડાયવર્સિટી પાર્કનું લોકાર્પણ થયું હતું, જ્યારે માર્ગ અને મકાન વિભાગ હેઠળ રૂ.૧૭૦ કરોડના પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ કરાયો હતો. બનાસકાંઠામાં રૂ. ૮૮૮ કરોડના ખર્ચે બનનારી થરાદ ધાનેરા પાઈપલાઈન, રૂ.૬૭૮ કરોડના ખર્ચે દિયોદર લાખણી પાઈપ લાઈનનું ખાતમુહૂર્ત કરાયા હતા.

**યુ.એન. મહેતા કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર**

ગાંધીનગરમાં રૂ. ૮૪ કરોડના ખર્ચે યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનું લોકાર્પણ, અમદાવાદમાં રૂ. ૫૮૮ કરોડના ખર્ચે ૧૮૦૦ બેડ ધરાવતા IPD સાથે ૫૦૦ બેડની સુવિધા સાથેના ચેપી રોગ માટેના OPD બ્લોકનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

## કુવૈતમાં ઓવૈસીએ પાકિસ્તાનના ધજાગરા ઉડાવી દીધા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।
ઓપરેશન સિંદૂરની સફળતા પછી, ભારતે આતંકવાદના મુદ્દાને વિશ્વ સમક્ષ લાવવા માટે એક અભિયાન શરૂ કર્યું છે. આ માટે ભારતે ૭ પ્રતિનિધિમંડળો બનાવ્યા, જેમાં AIMIMના વડા અસદુદ્દીનનો પણ સમાવેશ થાય છે. ઓવૈસી ભાજપના નેતા બૈજયંત પાંડાના બોર્ડનો ભાગ છે. આ પ્રતિનિધિમંડળ દોહા, કતર અને કુવૈતની મુલાકાતે છે. આ પ્રતિનિધિમંડળમાં બૈજયંત પાંડા ઉપરાંત અસદુદ્દીન ઓવૈસીની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેમણે તાજેતરમાં પાકિસ્તાનીઓની જોકર સાથે સરખામણી કરી હતી, જ્યારે કુવૈત અને બહેરીનમાં આતંકવાદને સમર્થન આપવાઅનેખોટાદાવાઓબદલ પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો હતો. અસદુદ્દીન ઓવૈસીએ માત્ર પાકિસ્તાનની લશ્કરી અને રાજકીય નિષ્ફળતાઓનો પર્દાફાશ કર્યો નથી, પરંતુ તુર્કીની ભૂમિકા પર પણ પ્રશ્નો ઉભા કર્યા છે. ઓવૈસીના કઠોર શબ્દોએ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું કડક વલણ વધુ સ્પષ્ટ કર્યું છે. તેમણે પાકિસ્તાની સેના પર કટાક્ષ કરતા કહ્યું કે "નકલ કરવા માટે પણ અકલની જરૂર પડે છે. કુવૈતમાં આયોજિત એક કાર્યક્રમમાં, AIMIM સાંસદ ઓવૈસીએ પાકિસ્તાન સેના અને ખાસ કરીને જનરલ અસીમ મુનીર પર નિશાન સાધ્યું અને કહ્યું કે મુનીર એક so-called ફિલ્ડ માર્શલ" છે.

### સરકારે મેગા પ્રોજેક્ટને આપી મંજૂરી

## ભારતમાં જ બનશે પાંચમી પેઢીના ફાઈટર જેટ

### આ કાર્યક્રમને અને ઉદ્યોગોની ભાગીદારીથી લાગુ કરવામાં આવશે, જેમાં ખાનગી અને સાર્વજનિક વિસ્તારની કંપનીને સમાન તક મળશે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૭ ।
સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે AMCA કાર્યક્રમ માટે મંગળવારે (૨૭ મે) મંજૂરી આપી દીધી છે. આ પગલું ભારતને આત્મનિર્ભર ભારત અભિયાનને મજબૂત બનાવવાની દિશામાં મોટું પગલું છે. આ કાર્યક્રમને અને ઉદ્યોગોની ભાગીદારીથી લાગુ કરવામાં આવશે, જેમાં ખાનગી અને સાર્વજનિક વિસ્તારની કંપનીને સમાન તક મળશે.

AMCAએ ભારતની પાંચમી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર જેટ છે, જે ભારતીય વાયુસેના માટે ડિઝાઈન કરવામાં આવી રહ્યું છે. આ વિમાન આધુનિક ટેક્નિકથી બનાવેલું હશે જેમાં સ્ટીલ્થ ટેક્નિક, સુપરક્રૂઝ, અદ્યતન સેન્સર અને હથિયાર, AIનો સમાવેશ થશે. ચાલો જાણીએ આ તમામની વિશેષતા વિશે.



- સ્ટીલ્થ ટેક્નિકઃ રડારથી બચવાની ક્ષમતા, જેનાથી દુશ્મન તેને સરળતાથી પકડી ન શકે.
- સુપરક્રૂઝઃ આફ્ટરબર્નર વિના ધ્વનિની ગતિ સાથે વધુ ઉડાન ભરવાની ક્ષમતા.
- અદ્યતન સેન્સર અને હથિયારઃ રડાર, મિસાઈલ અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલી જે તેને મલ્ટી રોલ વિમાન બનાવશે.
- AI: સ્વચાલિત નિર્ણય લેવા અને નેટવર્ક કેન્દ્રિત યુદ્ધમાં મદદ કરશે.

AMCAને DRDO ની ADA દ્વારા વિકસિત કરવામાં આવશે. તેનો લક્ષ્ય ભારતીય વાયુસેનાને ૨૦૩૦ સુધી એક વિશ્વસ્તરીય સ્વદેશી વિમાન આપવાનો છે, જે આયાત કરવામાં આવેલા વિમાન (જેમકે રાફેલ અથવા સુખોઈ) પર નિર્ભરતા ઓછી કરશે.

**AMCA કાર્યક્રમનું અમલીકરણ મોડેલ**

સંરક્ષણ મંત્રીએ AMCAના વિકાસ માટે એક નવું અમલીકરણ મોડેલ મંજૂર કર્યું છે, જેમાં અનેક વિશેષતાઓ છે. આ વિશેષતાઓમાં ADA આ કાર્યક્રમને ખાનગી અને સાર્વજનિક વિસ્તારની કંપની સાથે મળીને ચલાવશે. જેનાથી સ્વદેશી ટેક્નિકની કુશળતા અને ક્ષમતાનો ઉપયોગ થશે. આ સિવાય ખાનગી અને જાહેર કંપનીઓ સ્વતંત્ર રૂપે, જોઈન્ટ વેન્ચર અથવા કંસોર્ટિયા (અનેક કંપનીનો સમૂહ)ના રૂપે બોલી લગાવી શકે છે. બોલી લગાવનાર કંપનીઓએ ભારતીય કાયદાઓનું પાલન કરવાનું રહેશે.

### ચીનના શાંદોંગ પ્રાંતમાં કેમિકલ પ્લાન્ટમાં થયો ધડાકો, રાહત અને બચાવ કાર્ય શરૂ

। (એજન્સી) ચીન, તા.૨૭ ।
ચીનના પૂર્વી શેનડોંગ પ્રાંતમાં મંગળવારે એક કેમિકલ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો. આ માહિતી સરકારી પ્રસારક 'CCTV' માં પ્રકાશિત થયેલા સમાચારમાંથી મળી છે. રાજ્ય સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, વિસ્ફોટ બાદ બચાવ કાર્યકરોની ટીમો ગાઓમી શહેરના પ્લાન્ટમાં રવાના કરવામાં આવી હતી. વિસ્ફોટની જાણ થયા બાદથી કટોકટી વ્યવસ્થાપન મંત્રાલય સક્રિય સ્થિતિમાં કામ કરી રહ્યું છે. અધિકારીઓનું કહેવું છે કે આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. વિસ્ફોટ બાદ, સ્થાનિક ફાયર અને રેસ્ક્યૂ સેવાઓએ ૫૫ વાહનો અને ૨૩૨ કર્મચારીઓને ઘટનાસ્થળે મોકલ્યા.

### અમૃતસર બાયપાસ નજીક મોટો બ્લાસ્ટ

## પંજાબના અમૃતસર બાયપાસ પર મંગળવાર સવારે એક મોટો ધમાકો થયો

### જે શખ્સ બોમ્બ નાખવા આવ્યો હતો, તેના જ હાથમાં ફાટી ગયો હતો આ ઘટના બાદ યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો

। (એજન્સી) પંજાબ, તા.૨૭ ।
પંજાબના અમૃતસર બાયપાસ પર મંગળવાર સવારે એક મોટો ધમાકો થયો હતો. ત્યાર બાદ આજુબાજુના લોકો એકઠા થયા અને પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરુ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે શખ્સ બોમ્બ નાખવા આવ્યો હતો, તેના જ હાથમાં ફાટી ગયો હતો. આ ઘટના બાદ યુવક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આજે સવારે ૯ થી ૯:૧૫ વાગ્યાની વચ્ચે મજીઠા રોડ બાયપાસ પર વિસ્ફોટ થયો હતો. ઘાયલ વ્યક્તિની હાલત ખૂબ જ ગંભીર છે. આ માણસ આ બધું લઈને ક્યાં જઈ રહ્યો હતો તે ખબર નથી. સ્થાનિક લોકોએ જણાવ્યું



હતું કે સવારે અમૃતસરના મજીઠા બાયપાસ રોડ પર બોમ્બ જેવી વસ્તુના વિસ્ફોટના સમાચાર મળ્યા હતા, જેમાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. નજીકના લોકોના મતે, આ વિસ્ફોટ એટલો ખતરનાક હતો કે આસપાસનો વિસ્તાર ધ્રુજી ગયો હતો. આ સંદર્ભે, નજીકના લોકોએ જણાવ્યું કે તેઓએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો. જ્યારે અમે ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે અમને ખબર પડી કે કોઈ બોમ્બ જેવી વસ્તુ ફૂટી ગઈ હતી અને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસ તેને હોસ્પિટલ લઈ ગઈ છે. પંજાબ પોલીસે કહ્યું કે અમને માહિતી મળી હતી કે એક વ્યક્તિ ઘાયલ થયો છે અને અમે અહીં પહોંચ્યા છીએ. આ ઘટના મજીઠા રોડ બાયપાસ પર બની હતી. વિસ્ફોટ અંગે હજુ સુધી કંઈ પ્રકાશમાં આવ્યું નથી. તપાસ અધિકારીએ કહ્યું કે તેમને માહિતી મળી હતી કે કોઈ ઘાયલ થયું છે, જેને તેમણે હોસ્પિટલમાં દાખલ કર્યો છે અને ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ, ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી અને ગંભીર રીતે ઘાયલ વ્યક્તિને જોઈને બધા ચોંકી ગયા હતા.

### ગુજરાતમાં એક પછી એક કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે

## અમદાવાદમાં કોરોનાના ૧૭ તો રાજકોટમાં ૪ કેસ નોંધાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।
ગુજરાતમાં એક પછી એક કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. રાજ્યના અનેક શહેરોમાં કોરોનાના કેસ વધતા આરોગ્ય વિભાગ પણ એલર્ટ થઈ ગયું છે. ત્યારે આજે એક જ દિવસમાં રાજકોટ અને અમદાવાદમાં કોરોનાના ઘણા નવા કેસો સામે આવ્યા છે. રાજકોટમાં કોરોનાના નવા ૪ કેસ નોંધાયા છે તો અમદાવાદમાં વધુ ૧૭ કોરોનાના કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં કોરોનાનો રાફળો ફાટ્યો છે એક જ દિવસમાં કોરોનાના નવા ૧૭ કેસ સામે આવતા હડકંપ મચી જવા પામ્યો છે. ચાલુ માસમાં ૮૯ કોરોનાના કેસ નોંધાયા હતા જેમાંથી ૧૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ત્યારે હાલ અમદાવાદમાં ૭૬ એક્ટિવ કેસ જોવા મળ્યા છે. હાલ બે દર્દીઓ સારવાર હેઠળ છે.

રાજકોટમાં આજે કોરોનાના નવા ૪ કેસ નોંધાયા છે જેમા એક મહિલા અને એક પુરુષ સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું છે. શહેરના શિવપાર્ક, ગોવિંદ નગર , શિવાજી પાર્ક અને સિલ્વર સાઈન વિસ્તારમાં કોરોનાના કેસ જોવા મળ્યા છે.

### ગુજરાતમાં મેઘતાંડવ

## ગિરનારમાં રોપ-વે સેવા બંધ, સુરતમાં ખેડૂતોની ચિંતા વધી

### ગીર પંથકમાં મોડી રાતથી વરસી રહેલા સતત વરસાદના કારણે ગિરનાર પર્વત પર વહેલી સવારથી રોપ-વે સેવા અટકાવી દેવાઈ છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।
રાજ્યભરમાં અનેક વિસ્તારોમાં મોડી રાતથી વરસાદ વરસી રહ્યો છે. આ વખતે વરસાદ સામાન્ય કરતા વહેલા વરસાદ આવવાના કારણે ખેડૂતોને તો નુકસાન થયું જ છે. પરંતુ, ભારે વરસાદના કારણે અન્ય પણ અનેક જગ્યાએ નુકસાની સામે આવી છે. આ સિવાય ભારે વરસાદને ધ્યાને લઈને ગિરનાર પર્વત પર રોપ-વે સેવા પણ સ્થગિત કરવામાં આવી છે. ગિરનારમાં રોપ-વે સેવા બંધઃગીર પંથકમાં મોડી રાતથી વરસી રહેલા સતત વરસાદના કારણે ગિરનાર પર્વત પર વહેલી સવારથી રોપ-વે સેવા અટકાવી દેવાઈ છે. ભારે વરસાદના કારણે તંત્રએ સુરક્ષાના ભાગ રૂપે હાલ રોપ-વે સેવા અટકાવી છે. વાતાવરણ ચોખ્ખું થતાં ફરી શ્રદ્ધાળુઓની સુવિધા માટે રોપ-વે સેવા શરૂ કરવામાં આવશે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજાએ જોરદાર બેટિંગ કરી હતી. વલસાડના ઉમરગામના નારગોલ જલારામ સ્કૂલ પાસે વરસાદી માહોલમાં સવારે ગુલમહોરનું વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતું, જોકે, આ દરમિયાન નીચેથી પસાર થઈ રહેલા મોપેડ ચાલકનો આબાદ બચાવ થયો હતો. અમદાવાદના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો, જેમાં ભારે પવન સાથે અમુક વિસ્તારમાં છૂટો-છવાયો વરસાદ જોવા મળ્યો હતો. પવનના કારણે અનેક જગ્યાએ વૃક્ષ ધરાશાયી થવાના કિસ્સા સામે આવ્યા હતાં.

## રાજપૂતાના રાઈફલ્સના 3000 સૈનિકો નાળામાંથી પસાર થવા મજબૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।
રાજપૂતાના રાઈફલ્સના ૩,૦૦૦ થી વધુ સૈનિકોને દિલ્હી કેન્ટોનમેન્ટ વિસ્તારમાં તેમના બેરેકથી "પરેડ ગ્રાઉન્ડ" સુધી પહોંચવા માટે" દુર્ગંધ અને ગંદા નાળા "માંથી પસાર થવું પડે છે તેવા સમાચાર અહેવાલ પર દિલ્હી હાઈકોર્ટે ન્યાયિક નોંધ લીધી છે. તેને "અસ્વીકાર્ય પરિસ્થિતિ" ગણાવતા, હાઈકોર્ટે કહ્યું કે દિલ્હી સરકારના અધિકારીઓને સ્થળ પર પુલ બનાવવા માટે વિનંતી કરવામાં આવી હતી પરંતુ તે હજુ સુધી બનાવવામાં આવ્યો નથી. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ પ્રતિભા એમ સિંહ અને મનમીત પીએસ અરોરાની બેન્ચે આ મામલે દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડને નોટિસ ફટકારી

કોર્ટે ૨૯ મે સુધીમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા કહ્યું છે. દિલ્હી હાઈકોર્ટે આ કેસમાં આગામી સુનાવણી માટે ૨૯ મેની તારીખ નક્કી કરી છે. બેન્ચે કહ્યું, 'આ કોર્ટ ૨૬ મે, ૨૦૨૫ ના રોજ પ્રકાશિત એક સમાચારની ન્યાયિક નોંધ લે છે, જેમાં જણાવાયું છે કે રાજપૂતાના રાઈફલ્સના ૩,૦૦૦ થી વધુ સૈનિકોને તેમના બેરેકમાંથી બહાર નીકળતી વખતે અને પરેડ ગ્રાઉન્ડમાં જતી વખતે એક નાળામાંથી પસાર થવું પડે છે.

## ૧૩ કિમીની વરસાદી કાંસ ખુલ્લી કરી વરસાદી પાણી નદીમાં ડાઈવર્ટ કરાશે

। (એજન્સી) વડોદરા, તા.૨૭ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી વરસાદની સીઝન પહેલા વરસાદી પાણીના નિકાલ માટે વિશ્વામિત્રી રીવાઈવલ પ્રોજેક્ટ અંતર્ગત વિશ્વામિત્રી નદી, જુદા-જુદા તળાવો અને કાંસના સ્થળો પર કામગીરી ચાલી રહી છે. મ્યુનિસિપલ કમિશનરએ હરણી ગોલ્ડન ચોકડી એપીએમસી સુધીના નેશનલ હાઈવેની સમાંતર ચાલી રહેલ કાંસની કામગીરીનું નિરીક્ષણ કર્યુ અને હાઈવેની સમાંતર વરસાદી કાંસ પરના દબાણો દૂર કરી કામગીરી સત્વરે પૂર્ણ કરવા પણ સૂચનો કરવામાં આવ્યા હતાં.

## બનાસ ડેરી બાદ અમૂલે પશુપાલકોને આનંદના સમાચાર આપ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

બનાસ ડેરી બાદ અમૂલે પશુપાલકોને આનંદના સમાચાર આપ્યા છે. અમૂલ ડેરી દ્વારા દૂધના ખરીદ ભાવમાં પ્રતિ લીટર રૂપિયાનો ૧૦ વધારો તો દાણના ભાવમાં પ્રતિ કિલોએ ૫૦ પૈસાનો ઘટાડો કરાયો છે. ઈતિહાસમાં પ્રથમવાર દાણના ભાવમાં ઘટાડો થતાં પશુપાલકો માટે મહત્વનો નિર્ણય ગણાવી શકાય.અમૂલ ડેરીએ લાખો પશુપાલકો માટે મહત્વનો નિર્ણય લીધો છે. અમૂલ દ્વારા દાણના ભાવમાં ઘટાડો કરાયો છે તેથી લાખો પશુપાલકોને ફાયદો થશે. ઈતિહાસમાં પ્રથમવાર દાણના ભાવમાં ઘટાડો કરાયો છે.

## ૧.૪૩ લાખની લાંચ લેતા જૂનાગઢનો જુનીયર એન્જીનિયર ઝડપાયો

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૭ ।

પેવર બ્લોકના કામનું બિલ પાસ થતા બાદ ચેક કલીયર કરવા માટે એક વ્યક્તિ પાસેથી ૧.૪૩ લાખ રૂપિયાની લાંચ લેતા જૂનાગઢના ચોરવાડ, નગરપાલિકાના બાંધકામ શાખામાં ફરજ બજાવતા જુનીયર અન્જિનીયર રાજેશકુમાર ખીમજીભાઈ સેવરાની છઝમ્એ ધરપકડ કરી છે. આ કેસની વિગત મુજબ ચોરવાડ નગરપાલીકા કચેરીમાં ફરિયાદીએ વર્ષ-૨૦૨૨ માં વોર્ડ નં-૨ માં પેવર બ્લોકનું કામ કર્યું હતું. જેનું બીલ પાસ થતા બીલનો ચેક આપવા માટે આરોપી જુનીયર એન્જિનીયર રાજેશ સેવરાએ બીલના ૧૫% લેખે રૂ.૧,૪૬,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી. બીજીતરફ ફરીયાદી લાંચની રકમ આપવા માગતાં ન હોઈ તેણે ગીર સોમનાથ એ.સી.બી.પો.સ્ટે.નો સંપર્ક કર્યો હતો. જેને આધારે ACBએ લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જેમાં રૂ.૧,૪૩,૦૦૦ ની લાંચ લેતા નગરપાલીકા ચોરવાડ ખાતે આરોપી સ્થળ પર પકડાઈ જઈ ગુનો કર્યો હતો.

### લવિશની ધરપકડથી ઘણા ભેદ ઉકેલાશે

# ખાલિસ્તાની આતંકી અર્શ દલ્લાનો સાગરીત અમદાવાદમાંથી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

ખાલિસ્તાની આતંકવાદી અર્શ દલ્લાના ખાસ સાગરીત લવિશ કુમારને પંજાબ પોલીસે અમદાવાદમાંથી ઝડપી લીધો છે. લવિશ કુમાર ઘણા સમયથી અમદાવાદમાં રહેતો હતો અને અર્શ દલ્લા તથા તેના સાથીદાર જીદી મહેંદીપુરિયા માટે કામ કરતો હતો. લવિશ કુમારની ધરપકડને પગલે ખાલિસ્તાનનું અમદાવાદ કનેક્શન સામે આવે તેવી પ્રબળ સંભાવના છે. પંજાબ ડીજીપી ગૌરવ યાદવે લવિશ કુમારને ઝડપી લેવામાં અસાધારણ મદદ કરનાર ગુજરાતના ડીજીપી વિકાસ સહાય અને અમદાવાદ પોલીસનો પણ આભાર માન્યો હતો.કેનેડામાં ખાલિસ્તાની આતંકી હરદિપસિંઘ નિજ્જરની ગોળી મારી હત્યા થઈ હતી. ત્યાર બાદ કેનેડામાં ખલિસ્તાની મૂવમેન્ટનું સુકાન સંભાળી લેનાર અર્શ દલ્લાનો ખાસ સાગરિત અમદાવાદથી ઝડપાયો છે. સામાન્ય ટપોરીમાથી પંજાબનો ગેંગસ્ટર અને કેનેડા જઈને ખાલિસ્તાની આતંકવાદી બનેલા અર્શ દલ્લા માટે અમદાવાદથી ઝડપાયેલો લવિશ કુમાર કામ કરતો હતો. થોડા સમય પહેલાં જ કેનેડામાં અર્શ દલ્લાની અટક કરીને તેની પૂછપરછ કરવામાં આવી હતી.બીજી તરફ, પંજાબ પોલીસે પણ અર્શ દલ્લા અને તેની સાથે સંકળાયેલા લોકોની તપાસ શરૂ કરી હતી. પોલીસને વિગતો મળી હતી કે થોડા સમય પહેલાં ઠાર મરાયેલા આતંકવાદી તેજા મહેંદીપુરિયાના ભાઈ જીદી મહેંદીપુરિયા અને અર્શ દલ્લા માટે લવિશ કુમાર કામ કરતો હતો. તેની સામે હત્યા, અપહરણ અને હત્યાના પ્રયાસ સહિતના ઘણા ગુના નોંધાયા હતા. મોટા લિકર સપ્લાયર પાસેથી પણ તેણે મોટી ખંડણી માગી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. લવિશ કુમાર અમદાવાદમાં છુપાયો હોવાની વિગતો મળતાં પંજાબ પોલીસ એક્ટિવ બની હતી. તેનું લોકેશન મેળવી લીધા બાદ ગુજરાત પોલીસ વડાની મદદથી લવિશકુમારને ઝડપી લેવાનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ પોલીસની મદદથી તેને ઝડપી લેવામાં આવ્યો છે.

### અનેક ઠેકાણે લગભગ ૨૦૦થી વધુ વીજપોલ પડી ગયા

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રવિવારે રાત્રે વાવાઝોડાએ વિનાશ વેર્યો

**મોડાસાના સાકરીયા ગામ સહિત સાકરીયા છાપરા તેમજ સોરાના છાપરા વિસ્તારમાં અનેક છાપરા ઉડ્યા હતા**

। હિંમતનગર, મોડાસા, તા.૨૭ ।

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રવિવારે રાત્રે આવેલા વાવાઝોડા બાદ જિલ્લાના અનેક વિસ્તારોમાં વ્યાપક અસર જોવા મળી હતી. સાબરકાંઠાના વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં જોરદાર આંધી સાથે ધૂળની ડમરીઓ ઉડવા માંડી હતી. જેના કારણે ઠેરઠેર વીજપોલ ધરાશયી થતાં વીજપુરવઠો બંધ થઈ ગયો હતો.

અસહ્ય ઉકળટા અને બાફ વચ્ચે આખી રાત ઘરોમાં રાત વિતાવી હતી. વાવાઝોડા બાદ હિંમતનગર સહિત અનેક વિસ્તારોમાં ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. અચાનક શરૂ થયેલા વાવાઝોડાને કારણે અનેક ઠેકાણે લગભગ ૨૦૦થી વધુ વીજપોલ પડી ગયા હતા.

જ્યારે પ્રાંતિજ તાલુકાના વદરાડ, પોગલુ, પલ્લાચર, રાસલોડ, પ્રાંતિજ સહિતના ગામડાઓમાં વાવાઝોડાને કારણે લગભગ ૫૦થી વધુ કાચા પાકા મકાનોનાં પતરાં ઉડી ગયા હોવાનું આધારભુત સૂત્રોમાંથી જણાવાયું છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં રવિવારે રાત્રે આવેલા વાવાઝોડા બાદ જિલ્લાના અનેક વિસ્તારોમાં વ્યાપક અસર જોવા મળી હતી. ભિલોડાના લીલછા ધોલવાણી રોડ પર વ્યાપક પ્રમાણે વૃક્ષો ધરાશાયી થયા હતા જ્યારે લીલછામાં વૃક્ષ પડતાં ગાયનું મોત થયું હતું. સાકરીયા ગામ સહિત સાકરીયા છાપરા તેમજ સોરાના છાપરા વિસ્તારમાં અનેક છાપરા ઉડ્યા હતા.

સાથે સાથે ઘણા વીજપોલ પણ ધરાશાયી થયા હતા. જ્યારે ભારે પવનને કારણે પશુઓને બાંધવા શેડના પતરાં ૧૦ ફૂટ સુધી ઉડીને પડ્યા હતા. કિશનગઢ ગામે એક મકાનની દીવાલ પડવાની સાથે પતરા પણ ઉડ્યા હતા. મોડાસાના સાકરીયા ગામ સહિત સાકરીયા છાપરા તેમજ સોરાના છાપરા વિસ્તારમાં અનેક છાપરા ઉડ્યા હતા.

### ૧૨૭ ફર્સ્ટ ક્લાસ મેચ અને ૧૭ વર્ષની કારકિર્દી બાદ પ્રિયાંકનો નિર્ણય

# ગુજરાતના સફળ રણજી ક્રિકેટર, કેપ્ટન પ્રિયાંક પંચાલની નિવૃત્તિ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

પાર્થિવ પટેલ બાદ ગુજરાતના રણજી ટ્રોફી ઈતિહાસના સૌથી સફળ અને અનુભવી ક્રિકેટર તથા ઓપનર પ્રિયાંક પંચાલે સોમવારે તમામ પ્રકારના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. આ સાથે ગુજરાતના ક્રિકેટના એક સફળ ક્રિકેટરની કારકિર્દીનો અંત આવી ગયો હતો.

પ્રિયાંક પંચાલ છેલ્લા ૧૭ વર્ષથી ગુજરાત માટે રમી રહ્યો હતો. આ દરમિયાન તેણે ભારતીય-એ ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું અને દુલીપ ટ્રોફીમાં પણ તે કેપ્ટન રહી ચૂક્યો હતો જે દરમિયાન તેણે પોતાની ટીમને દુલીપ ટ્રોફી ટાઈટલ પણ અપાવ્યું હતું. ગુજરાત ક્રિકેટ એસોસિયેશને સોમવારે પ્રિયાંક પંચાલની નિવૃત્તિની જાહેરાત કરતાં તેને સફળ કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યા હતા. યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે પ્રિયાંકે ભારત-એ ટીમના સુકાની તરીકે ફરજ બજાવી હતી અને ડોમેસ્ટિક ક્રિકેટમાં તેણે ૧૭ વર્ષ સુધી ગુજરાતની ટીમ વતી રણજી ટ્રોફી, વિજય હઝારે (વન-ડે ટ્રોફી) અને સૈયદ મુસ્તાક અલી (ટી૨૦) ટ્રોફીમાં રમ્યો હતો.૨૦૦૮-૦૯ની સિઝનમાં ગુજરાત માટે રણજી કારકિર્દીનો પ્રારંભ કર્યા બાદ પ્રિયાંક પંચાલ ૧૨૭ ફર્સ્ટ ક્લાસ મેચ રમ્યો હતો જેમાં ૯૯ રણજી મેચનો સમાવેશ થતો હતો.

આ દરમિયાન તેણે ૮૮૫૬ રન અને ૨૯ સદી તથા ૩૪ અડધી સદી ફટકારી હતી. કારકિર્દીમાં તેણે એક ત્રેવડી સદી ફટકારી હતી. ડિસેમ્બર ૨૦૧૬માં તેણે પંજાબ સામે બેલાવી ખાતેની મેચમાં અણનમ ૩૧૪ રન ફટકાર્યા હતા અને એ જ સિઝનમાં તેણે રણજી ટ્રોફીમાં ૧૩૧૦ રન નોંધાવ્યા હતા.૨૦૧૬-૧૭માં પાર્થિવ પટેલની આગેવાનીમાં ગુજરાતે પહેલી વાર રણજી ટાઈટલ જીત્યું તેમાં પ્રિયાંકનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું.પ્રિયાંક પંચાલે તેની ૨૯ સદીમાંથી એક ત્રેવડી સદી અને ત્રણ બેવડી સદી ફટકારી હતી. તેણે ઈન્ડિયા-એ માટે રમતાં બે અને ઈન્ડિયા રેડ (દુલીપ ટ્રોફી)માં પણ બે સદી ફટકારી હતી. તેણે લિસ્ટ-એ (વન-ડે) કારકિર્દીમાં ૯૬ મેચમાં આઠ સદી સાથે ૩૬૭૨ રન અને ટી૨૦માં ૫૯ મેચમાં ૧૫૨૨ રન ફટકાર્યા હતા.ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પ્રિયાંકે ૨૯ મેચમાં સુકાનીપદ સંભાળ્યું હતું જેમાંથી દસ મેચમાં તેની ટીમનો વિજય થયો હતો તો પાંચ મેચમાં પરાજય થયો હતો. તેણે ૧૭ મેચમાં ગુજરાતની રણજી ટીમની આગેવાની લીધી હતી. આ ઉપરાંત તે ગુજરાતનો બીજા ક્રમનો સૌથી સફળ બેટ્સમેન રહ્યો હતો. ગુજરાત માટે સૌથી વધુ રન ફટકારનારા બેટ્સમેનમાં પાર્થિવ પટેલ (૬૯૬૮) બાદ પ્રિયાંક પંચાલ (૬૮૮૯ રન)નો ક્રમ આવતો હતો.

# જામનગરમાં રૂ. ૩.૯૧ લાખના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

। (એજન્સી) જામનગર, તા.૨૭ ।

જામનગરમાં બુટલેગરો બિયર, દારુની બોટલોને છૂપાવીને લાવતા હોય છે. ગેરકાયદેસર રીતે દારુનું વેચાણ કરતા હોય છે. તેવા તત્વો સામે જામનગર પોલીસે કાર્યવાહી કરીને લાખો રુપિયાનો દારુ કબ્જે કર્યો છે. તેમજ આરોપીઓને જેલ હવાલે કર્યા છે. આરોપીઓ પાસેથી જપ્ત દારુને કબ્જે કરીને જામનગર પોલીસ દ્વારા નાશ કરવામાં આવે છે.ત્યારે જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા પોલીસ દ્વારા દારુ ઝડપી લેવામાં આવેલ છે. જે દારુ ઉપર પોલીસે બુલડોઝર ફેરવી દીધું છે. જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા પોલીસ મથકે પકડાયેલા દારુના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા દારુના જથ્થાને જપ્ત કરીને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી છે. વિદેશી દારુ અને બિયરની બોટલો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. ધ્રોલ- રાજકોટ હાઈવે પર એક ખુલ્લા પ્લોટમાં પોલીસની કાર્યવાહી કરી દેવામાં આવી છે. ખુલ્લા પ્લોટમાં પોલીસે બોટલોને નાશ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ બોટલોના મોટા જથ્થાને નાશ કરી દેવાયો છે. ધ્રોલ રાજકોટ હાઈવે પર આવેલા ખુલ્લા પ્લોટ વિસ્તારમાં બોટલો નાશ કરવાની કાર્યવાહી કરી દેવાઈ છે.

### ખેડૂતોના પાકને પહોંચ્યું ભારે નુકસાન

# સાબરકાંઠા જિલ્લામાં ભર ઉનાળે ખાબક્યો ધોધમાર વરસાદ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૭ ।

ભર ઉનાળે હવામાન વિભાગની આગાહી અનુસાર ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે, ત્યારે સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે મોટાભાગની ખેતી સહિત તૈયાર પાકોને ભારે નુકસાન થયું છે. બાજરી, જુવાર જેવા પાકોમાં કમોસમી વરસાદને લઈ ખેડૂતોના મોંએ આવેલો કોળીયો છીનવાયો છે. જિલ્લામાં ભારે પવન વચ્ચે થયેલા વરસાદને કારણે અનેક સ્થળો પર વૃક્ષો ધરાશાયી થયાના બનાવો પણ બન્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહી અનુસાર ભારે પવન અને વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં સાર્વત્રિક વરસાદને પગલે જુવાર, બાજરી સહિતના તૈયાર પાકોમાં નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે. ૩ માસ સુધી ખેતરમાં ખેત મજૂરી કરીને તૈયાર કરેલો પાક કમોસમી વરસાદમાં ધોવાઈ જતા ખેડૂતોના માથે આભ ફાટ્યા જેવી સ્થિતિ ઊભી થઈ છે. ખેતીવાડી વિભાગ તેમજ રાજ્ય સરકાર દ્વારા કમોસમી વરસાદમાં ખેતીમાં થયેલા નુકસાનીનું સર્વે કરી વળતર ચૂકવવાની વાતો પણ કરવામાં આવતી હોય છે, જો કે મહામહેનતે તૈયાર કરેલો પાક કુદરતી આફતમાં ધોવાઈ જતા મોટાભાગનો ખેડૂત આલમ ચિંતાતુર બન્યો છે.

આવનારા સમયમાં રાજ્ય સરકાર તેમજ ખેતીવાડી વિભાગ દ્વારા કમોસમી વરસાદ તેમજ વાવાઝોડામાં શાકભાજી સહિત ખેતીમાં થયેલા નુકસાનીનું સર્વે કરી ઝડપીથી વળતર ચૂકવવામાં આવે તેવી માગ પણ કરવામાં આવી રહી છે.

### કારમાં સવાર ચાર વ્યક્તિનો આબાદ બચાવ

# વિરમગામમાં તંત્રની બેદરકારીથી વરસાદી નાળામાં કાર ખાબકી

**વરસાદી નાળા ઉપર દૈનિક હજારો વાહન પરસાર થાય છે છતાં સંરક્ષણ દિવાલ બનાવવા તંત્રના ઠાગાઠૈયા**

। (એજન્સી) વિરમગામ, તા.૨૭ ।

વિરમગામમાં ખુલ્લી વરસાદી નાળા માથાના દુખાવો બન્યા છે. એસબીઆઈ બેન્ક પાસે આવેલા વરસાદી નાળામાં કાર ખાબકી હતી. આ સમયે કારમાં સવાર ત્રણ મહિલા એક યુવાન ગટરના પાણીમાં ફસાયા હતા, જેને વિરમગામ નગરપાલિકા ફાયર બ્રિગેડ ટીમ અને સ્થાનિક લોકોએ સહી સલામત બહાર કાઢી બચાવ્યા હતા.વિરમગામ શહેરમાં રવિવાર રાત્રિના વીજળીના કડાકા અને ભડાકા સાથે મીની વાવાઝોડું ફૂંકાયું હતું ત્યારે એસબીઆઈ બેન્કની બહાર વરસાદી નાળુ આવેલું છે. આ નાળા ઉપરથી માંડલ, શંખેશ્વર, પાટડી તરફ જવાનો બાયપાસ રોડ પસાર થાય છે.

આ નાળા ઉપર સરક્ષણ દિવાલ ન હોવાના કારણે માંડલ તરફ જઈ રહેલી ગાડી વરસાદી નાળામાં ખાબકી હતી અને પરિવારના ચાર સભ્યો ગટરના પાણીમાં ફસાયા હતા. આ ઘટનાની જાણ થતા સ્થાનિક લોકો અને વિરમગામ નગરપાલિકા ફાયર બ્રિગેડના જવાનો દ્વારા કારની અંદર ત્રણ મહિલાને એક યુવાનને ગટરના પાણીમાંથી સહી સલામત બહાર કાઢયા હતા અને જેસીબીની મદદથી ગાડી બહાર કાઢી હતી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાની થઈ ન હતી. અવારનવાર શહેરમાંથી પસાર થતી વરસાદી ખુલ્લી ગટરમાં પશુઓને સાધનો ગટરમાં ખાબકયા છે ત્યારે એસબાઈ બેન્ક પાસે આવેલા નાળાની એસબીઆઈ બેન્ક બાજુ તેમજ ૩૫ સોસાયટીને જોડતા માર્ગ ઉપર સંરક્ષણ દિવાલ બનાવવાની પ્રબળ માગ ઉઠી છે. આ નાળાઉપરથી દરરોજ નિયમિત શહેરની ઓફિસના સરકારી અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં વાહનો દિવસ રાત્રિના પસાર થાય છે.

**વિશેષ** | **‘ઐશ્વર્યમ્’ આશ્રયની સાથોસાથ સુખ, સન્માન, શાંતિ અને સંતોષ પણ આપે એ જ અભ્યર્થના : શ્રી આચાર્ય દેવવ્રતજી**

# રાજભવનના કર્મચારીઓ-અધિકારીઓ માટે ગાંધીનગરમાં નવનિર્મિત આવાસીય પરિસર - ‘ઐશ્વર્યમ્’નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે લોકાર્પણ

। ગાંધીનગર ।








રાજભવનના કર્મચારીઓ અને અધિકારીઓ માટે ગાંધીનગરમાં નવનિર્મિત આવાસીય પરિસર - ‘ઐશ્વર્યમ્’ નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે લોકાર્પણ કર્યું હતું. રાજભવન પરિવારને અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ આવાસો અર્પણ કરતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ‘ઐશ્વર્યમ્’ એટલે સુખ-સમૃદ્ધિ અને ધન-સંપદા. આ આવાસીય પરિસર રાજભવનના પરિવારજનોને આશ્રયની સાથોસાથ સુખ, સન્માન, શાંતિ અને સંતોષ પણ આપે એ જ અભ્યર્થના.

ગાંધીનગરના જ-માર્ગ પર વર્ષોથી રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના રાજ્યપાલ તરીકે પદભાર સંભાળ્યો ત્યારે તેમણે અત્યંત જર્જરીત થઈ ગયેલા સ્ટાફ ક્વાર્ટર્સના નવનિર્માણનું કામ હાથમાં લીધું હતું. તા. ૧ નવેમ્બર ૨૦૨૨ ના રોજ તેમણે આવાસીય પરિસરના નવનિર્માણ માટે ભૂમિપૂજન કર્યું હતું. આજે ૯૩૭ દિવસમાં આ પરિસરમાં ચ-કક્ષાના ૯૬, ઘ-કક્ષાના ૩૨, ગ-૧ કક્ષાના ચાર અને ક-કક્ષાના ચાર ભવ્ય આવાસોનું નિર્માણ કરાયું છે. આ ઉપરાંત આ પરિસરમાં ભવ્ય કોમ્યુનિટી હૉલ- ‘સરસ્વતી સદનમ્’, સંપૂર્ણ સુવિધાયુક્ત રાજભવન આરોગ્ય કેન્દ્ર, ૧૦ દુકાનો અને વિશાળ ઉદ્યાનનું નિર્માણ સંપન્ન થયું છે. આ આવાસીય પરિસરને ‘ઐશ્વર્યમ્’ નામ આપવામાં આવ્યું છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તક્તિનું અનાવરણ કરીને ‘ઐશ્વર્યમ્’ નું લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલ શ્રી એ આજે આ પરિસરમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના એ.ટી.એમ. સેન્ટરનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. ‘સરસ્વતી સદનમ્’ માં આયોજિત લોકાર્પણ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ‘ઐશ્વર્યમ્’ માં હંમેશા ભાઈચારો, એકતા અને પરસ્પર સહિષ્ણુતાનું વાતાવરણ જળવાઈ રહે. રાજભવનની કોલોનીમાં ક્યારેય કોઈ દૂર્વ્યસન કે અનુચિત આચરણ ન થાય એ જોવાની જવાબદારી હવે અહીં વસતા પરિવારોની છે. બાળકો સૌથી મોટી પૂંજી છે. ‘ઐશ્વર્યમ્’ માં રહેતા-ઉછરતા બાળકોને એવું જીવન મળે કે તેઓ મોટા થઈને ઈતિહાસ રચે એવા પદ પર પહોંચે. ‘ઐશ્વર્યમ્’ આદર્શ કોલોની બને એવી અભિલાષા વ્યક્ત કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, કોઈને પણ આદર્શ કોલોની જોવી હોય તો તે રાજભવનની ‘ઐશ્વર્યમ્’ કોલોની જોવા આવવો જોઈએ. આ સુંદર પરિસર અહીં વસતા પરિવારોના જીવનની સમૃદ્ધિનો આધાર બને એમ તેમણે કહ્યું હતું. ‘ઐશ્વર્યમ્’ માં વસતા પરિવારો પ્રગતિ કરે, ઉન્નતિ કરે અને ઐશ્વર્યશાળી બને એવી શુભકામનાઓ સાથે તેમણે પરિસરનું લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ આજે આ પરિસરના ઉદ્યાનમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું તથા આવાસીય પરિસરનું અવલોકન કર્યું હતું.

રાજ્યપાલશ્રીના અગ્રસચિવ શ્રી અશોક શર્માએ રાજભવન પરિવારવતી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે, રાજ્યપાલના સતત માર્ગદર્શનથી આ ભવ્ય અને સુંદર પરિસરનું નિર્માણ થયું છે, ત્યારે આપણા સૌની જવાબદારી છે કે, તેને ભૌતિક અને નૈતિક રીતે સ્વચ્છ રાખીએ. અહીં રહેતા કર્મયોગી કોઈ પ્રકારનું વ્યસન ના કરે અને આ પરિસરને એક આદર્શ પરિસર બનાવવામાં સહયોગી બને તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર તથા અધિક સચિવ શ્રી પતંજલિ મિશ્રાએ સ્વાગત પ્રવચન કરીને પરિસર અંગે માહિતી આપી હતી.

આ અવસરે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ગાંધીનગર સર્કલના જનરલ મેનેજર શ્રી ચંદ્રશેખર વી., રાજ્યપાલશ્રીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વિદ્યાલંકારજી, રાજ્યપાલશ્રીના ગૃહ નિયામક શ્રી એ.કે.જોષી, સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### જ્યોતિ મલ્હોત્રાએ પહેલી વાર પાક.ની મુલાકાત લીધા બાદ ખાસ વિઝા મેળવ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દેશ સાથે ગદ્દારી કરીને પાકિસ્તાન માટે જાસૂસી કરનારી જ્યોતિ મલ્હોત્રાએ પહેલી વાર પાકિસ્તાનની મુલાકાત લીધા બાદ ખાસ વિઝા મેળવ્યા હતા, જેને ISI અને પાકિસ્તાન ગૃહ મંત્રાલયે મંજૂરી આપી હતી. પોલીસનું માનવું છે કે જ્યોતિએ જાણી જોઈને ISI ને ટેકો આપ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યોતિ મલ્હોત્રા જાણતી હતી કે ISI ના હાથમાં રમી રહી છે, છતાં તેણે ફોલોઅર્સ અને વ્યૂઝ વધારવા, પાકિસ્તાનની સકારાત્મક છબી બનાવવા અને ભારતમાં પાકિસ્તાન વિરોધી કથા બદલવા માટે વીડિયો બનાવવાનું ચાલુ રાખ્યું હતું. જ્યોતિના ગેજેટ્સના ફોરેન્સિક રિપોર્ટ મુજબ, જ્યોતિ ચાર પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓના સંપર્કમાં હતી. જ્યોતિને આ વિશે સંપૂર્ણ માહિતી હતી. ડિજિટલ પુરાવાઓથી સ્પષ્ટ થયું કે જ્યોતિ કોઈ ગ્રુપ ચેટમાં સામેલ નહોતી, પરંતુ ફક્ત એક-એક વાતચીતમાં જ સામેલ હતી. ડિજિટલ ફોરેન્સિક તપાસમાં જાણવા મળ્યું છે કે જ્યોતિ દાનિશની નજીક હતી. જોકે, પોલીસને અત્યંત સંવેદનશીલ માહિતી લીક થવાના કોઈ પુરાવા મળ્યા નથી. પોલીસ જ્યોતિને મળેલા ભંડોળના સ્ત્રોતની પણ તપાસ કરી રહી છે.

### દિલ્હીમાં ચાર બાંગ્લાદેશી ઘુસણખોરો પકડાયા




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દિલ્હીના દક્ષિણ પશ્ચિમ જિલ્લાની એન્ટી ઓટો થેફ્ટ સ્ક્વોડ (AATS) ટીમે એક મોટી કાર્યવાહી કરી છે અને ચાર ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી છે. આમાં બે પુરુષો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે, જે છેલ્લા ૧૨ વર્ષથી ભારતમાં ગેરકાયદેસર રીતે રહી રહ્યા હતા. આ ચારેય પાસેથી બાંગ્લાદેશી ઓળખ દસ્તાવેજો પણ મળી આવ્યા છે. AATS ટીમને મળેલી ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતી વખતે તે બધાને પકડી લેવામાં આવ્યા હતા. ધરપકડ કરાયેલા લોકોની ઓળખ, મોહમ્મદ શાહજહાં અલીના પુત્ર મોહમ્મદ અસદ અલી (૪૪ વર્ષ), નસીમા બેગમ (૪૦ વર્ષ) મોહમ્મદ અસદ અલીના પત્ની, મોહમ્મદ નઈમ ખાન (૧૮ વર્ષ) મોહમ્મદ અસદ અલીના પુત્ર, આશા મોની (૧૩ વર્ષ), મોહમ્મદ અસદ અલીની પુત્રી.

### સાંબામાં શહીદ જવાનોના નામ પર ચોકી બનશે, એક પોસ્ટનું નામ સિંદૂર હશે

। (એજન્સી) સાંબા, તા.૨૭ ।

બોર્ડર સિક્યુરિટી ફોર્સ એટલે કે બીએસએફના અધિકારીઓએ આજે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. દરમિયાન, BSFના IG જમ્મુ શશાંક આનંદે જણાવ્યું હતું કે, ''અમને આતંકવાદીઓ તેમના લોન્ચપેડ અને કેમ્પમાં પાછા ફરવા અને LoC અને IB પર સંભવિત ઘૂસણખોરી વિશે ઘણી માહિતી મળી રહી છે. સુરક્ષા દળોએ સતર્ક રહેવું પડશે.'' ઓપરેશન સિંદૂર વિશે બોલતા, BSF IG જમ્મુ શશાંક આનંદે જણાવ્યું હતું કે, ''ઓપરેશન સિંદૂર દરમિયાન, BSF મહિલા જવાનોએ ફોરવર્ડ ડ્યુટી પોસ્ટ્સ પર લડાઈ લડી હતી. અમારી બહાદુર મહિલા જવાનો, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ નેહા ભંડારીએ ફોરવર્ડ પોસ્ટનું નેતૃત્વ કર્યું હતું, કોન્સ્ટેબલ મનજીત કૌર, કોન્સ્ટેબલ મલકિત કૌર, કોન્સ્ટેબલ જ્યોતિ, કોન્સ્ટેબલ સંપા અને કોન્સ્ટેબલ સ્વપ્રા અને અન્યોએ આ ઓપરેશન દરમિયાન પાકિસ્તાન સામે ફોરવર્ડ પોસ્ટ્સ પર લડાઈ લડી હતી.'' ઓપરેશન સિંદૂર બાદ બીએસએફ અધિકારીઓની પ્રેસ કોન્ફરન્સ તેમણે કહ્યું કે પાકિસ્તાન દ્વારા ડ્રોન હુમલા અને બીએસએફ ચોકીઓ પર ગોળીબારમાં અમે બીએસએફ સબ-ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ, કોન્સ્ટેબલ દીપક કુમાર અને ભારતીય સેનાના નાયક સુનિલ કુમારને ગુમાવ્યા. અમે અમારી બે પોસ્ટનું નામ અમારા ગુમાવેલા કર્મચારીઓના નામ પર અને એક પોસ્ટનું નામ 'સિંદૂર' રાખવાનો પ્રસ્તાવ મૂકીએ છીએ.

**UPI એપ્સ પર વારંવાર બેલેન્સ ચેક કરવાની આદત હોય, તો અમે તમને જણાવી દઈએ કે ૧ ઓગસ્ટથી તમે દિવસમાં ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશો**

# ૧ ઓગસ્ટથી મર્યાદા લાગુ થશે, કડક નિયમો સાથે પેમેન્ટ એપ્સનો ઉપયોગ કરવાની રીત બદલાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

UPI વપરાશકર્તાઓ હવે સાવધાન થઈ જજો. કારણકે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ની નવી માર્ગદર્શિકા અનુસાર, ૧ ઓગસ્ટથી UPI સંબંધિત મોટા ફેરફારો થવાના છે. જો તમે પણ PhonePe, Google Pay અને Paytm જેવી વિવિધ એપ્સ દ્વારા UPI નો ઉપયોગ કર્યો છે, તો હવે સૌથી વધુ ઉપયોગમાં લેવાતી કેટલીક સુવિધાઓ મર્યાદિત થવા જઈ રહી છે. વાસ્તવમાં, આ મર્યાદા તે સેવાઓ પર લાદવામાં આવશે જેનો ઉપયોગ લોકો ફોન એપ્સ દ્વારા વારંવાર કરે છે. આમાં બેલેન્સ ચેક કરવા, ઓટોપે કરવાની મંજૂરી આપવી, ટ્રાન્ઝેક્શન સ્ટેટસ જોવા વગેરે જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ પછી, UPI પેમેન્ટ એપ્સનો ઉપયોગ કરવાની રીત નોંધપાત્ર રીતે બદલાઈ જશે. NPCI સૌથી વધુ ઉપયોગમાં લેવાતી UPI સેવાઓ પર મર્યાદા લાદવા જઈ રહી છે જેથી UPI નેટવર્ક પર કોઈ બિનજરૂરી ભારણ ન પડે. તમને જણાવી દઈએ કે પરિપત્રમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે બેંકો અને ચુકવણી એપ્લિકેશનોએ ખાતરી કરવી પડશે કે દરેક API વિનંતીની ગતિ અને સંખ્યા મર્યાદિત છે. આમાં ગ્રાહકો અને સિસ્ટમ બંને દ્વારા કરવામાં




આવેલી API વિનંતીઓનો સમાવેશ થશે. જો બેંકો કે એપ્સ આનું પાલન નહીં કરે, તો NPCI તેમની સામે કડક કાર્યવાહી કરી શકે છે.જો તમન UPI એપ્સ પર વારંવાર બેલેન્સ ચેક કરવાની આદત હોય, તો અમે તમને જણાવી દઈએ કે ૧ ઓગસ્ટથી તમે દિવસમાં ફક્ત ૫૦ વખત જ બેલેન્સ ચેક કરી શકશો . આ અંગે, Ezeepay ના ચીફ ઓપરેટિંગ ઓફિસર મુશર્રફ હુસૈને જણાવ્યું હતું કે ''આ નિયમ વેપારીઓને થોડી અસુવિધા પહોંચાડી શકે છે, પરંતુ તેનો હેતુ UPI નેટવર્કને સ્થિર અને દરેક માટે ઉપલબ્ધ રાખવાનો છે.'' તેમણે સ્પષ્ટતા કરી કે વારંવાર બેલેન્સ ચેક કરવાથી UPI નેટવર્ક પર ઘણું દબાણ આવે છે. આના કારણે UPI સિસ્ટમ ક્રેશ થવા જેવી સમસ્યાઓ ઘણી વખત જોવા મળી હતી. NPCI એ આદેશ આપ્યો છે કે પીક અવર્સ દરમિયાન એટલે કે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી બેલેન્સ ચેક કરવાની સુવિધા પ્રતિબંધિત અથવા બ્લોક કરવામાં આવશે. ઉપરાંત, હવે બેંકોએ દરેક વ્યવહાર પછી ગ્રાહકોને બેલેન્સની માહિતી આપવી પડશે. એવી અપેક્ષા છે કે આનાથી બેલેન્સ ચેક કરવાનું ઓછું થશે. આ ફેરફારોમાં, ઓટો પેમેન્ટ પર પણ સમય મર્યાદા લાદવામાં આવશે. જે લોકો Nªflix, SIP અથવા અન્ય સેવાઓ માટે UPI ઓટોપેનો ઉપયોગ કરે છે, તેમના માટે હવે ફક્ત નોન-પીક અવર્સ દરમિયાન જ ઓથોરાઈઝેશન અને ડેબિટ પ્રોસેસિંગ શક્ય બનશે. કૃપા કરીને નોંધ લો કે સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી અને સાંજે ૫ થી રાત્રે ૯:૩૦ વાગ્યા સુધીનો સમય પીક અવર્સ તરીકે ગણવામાં આવશે. આ સમયગાળા દરમિયાન આ મર્યાદા લાગુ રહેશે. આ સમય દરમિયાન, ગ્રાહકો દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતી બેક-એન્ડ પ્રક્રિયાઓ અને સેવાઓ પર મર્યાદાઓ અને નિયંત્રણો રહેશે. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી UPI ક્રેશ થવાની ઘટનાઓ વારંવાર નોંધાઈ રહી છે. આ પછી, UPI સેવાના ઉપયોગ પર અમુક લઘુત્તમ ચાર્જ વસૂલવાની માંગ પણ કરવામાં આવી હતી જેથી UPI ના માળખાગત સુવિધામાં સુધારો થઈ શકે. જોકે, હવે કોઈપણ ચાર્જને બદલે, પીક અવર્સ દરમિયાન એક મર્યાદા લાગુ કરવામાં આવશે.

**સરકારે તૈયાર કર્યો ૪૪૦૦૦ કરોડનો પ્લાન**

# આકાશ જ નહિ હવે પાણીથી પણ ભારત પર હુમલો કરવો મુશ્કેલ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૨૭ ।

ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુસેના અને સેનાની શક્તિ આખી દુનિયાએ જોઈ છે. ભારતીય વાયુ સંરક્ષણ પ્રણાલીએ આકાશમાં દુશ્મન દેશના મિસાઈલો અને ડ્રોનને કેવી રીતે તોડી પાડ્યા. વાયુસેનાને મજબૂત બનાવવાની સાથે, સરકાર નૌકાદળને પણ મજબૂત બનાવવાની તૈયારી કરી રહી છે. આ માટે, ભારત સરકારે ૪૪૦૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવી છે, જે હેઠળ સમુદ્રમાં છુપાયેલા લેન્ડમાઈન્સને શોધી કાઢવા અને તેનો નાશ કરવા માટે ૧૨ ખાસ યુદ્ધ જહાજો બનાવવામાં આવશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, રાષ્ટ્રીય સંરક્ષણ મંત્રાલયે લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટને ફરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ ૧૨ માઈન કાઉન્ટરમેઝર વેસલ્સ ભારતીય નૌકાદળ માટે બનાવવામાં આવશે, જે સમુદ્રમાં દુશ્મનો દ્વારા



બિછાવેલા લેન્ડમાઈન્સને શોધીને તેનો નાશ કરશે. આ યુદ્ધ જહાજોની કિંમત લગભગ ૪૪,૦૦૦ કરોડ રૂપિયા હશે અને તે ફક્ત ભારતીય શિપયાર્ડમાં જ બનાવવામાં આવશે. ભારતીય નૌકાદળ પાસે હાલમાં એક પણ MCMV નથી. અગાઉ તેની પાસે કેટલાક કરવાર-ક્લાસ અને પોંડિચેરી-ક્લાસ માઈનસ્વીપર્સ હતા, જે ઘણા વર્ષો પહેલા નિવૃત્ત થઈ ગયા હતા. હાલમાં, નૌકાદળ કેટલાક જહાજો પર સ્થાપિત ક્લિપ-ઓન માઈન કાઉન્ટરમેઝર સ્યુટ્સથી કામ ચલાવી રહ્યું છે, જે ૭,૫૧૬ કિમી લાંબા દરિયાકાંઠા અને ૧૩ મુખ્ય અને ૨૦૦ નાના બંદરોને સુરક્ષિત રાખવા માટે પૂરતા નથી. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ટૂંક સમયમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતા હેઠળની સંરક્ષણ સંપાદન પરિષદ સમક્ષ આવશ્યકતાની સ્વીકૃતિ માટે મૂકવામાં આવશે. આ પછી, ભારતીય શિપયાર્ડ્સ પાસેથી ટેક્નો-કોમર્શિયલ બિડ્સ આમંત્રિત કરવામાં આવશે. કરાર પર હસ્તાક્ષર થયા પછી, પ્રથમ MCMV તૈયાર થવામાં ૭-૮ વર્ષ લાગી શકે છે. ચીન અને પાકિસ્તાન તરફથી વધતા દરિયાઈ ખતરાને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે. ચીની સબમરીન અને પાકિસ્તાનની નવી યુઆન-ક્લાસ ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીન ભારતને નુકસાન પહોંચાડી શકશે નહીં. આ માટે, તેમનું નિર્માણ જરૂરી છે. આ પગલાથી નૌકાદળની તાકાત વધશે અને મેક ઈન ઈન્ડિયાને પણ વેગ મળશે.

**ફરી વાતચીતનો રાગ આલાપ્યો**

# ભારતના મિત્ર દેશ પાસે પહોંચ્યા પાકિસ્તાનના PM શાહબાઝ શરીફ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી હતી. હાલ બંને દેશોએ યુદ્ધવિરામ પર સહમતિ આપી છે. ઈરાનમાં એકબાજુ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારત સાથે વાતચીત કરવાની તૈયારી દર્શાવી છે. તો બીજી બાજુ ભારત વિરુદ્ધ આક્રમક જવાબ આપવાની તૈયારી પણ દર્શાવી છે. ઈરાન મુલાકાત દરમિયાન શરીફે કાશ્મીર, સિંધુ જળ સંધિ અને આતંકવાદ સહિત તમામ મુદ્દાઓ પર સીધી વાતચીત કરવાનું નિવેદન આપ્યું છે. જે સૌ કોઈને આશ્ચર્યમાં મુકી રહ્યું છે, કારણકે આ જ પાકિસ્તાને ભારતની આતંકવાદ વિરોધી કાર્યવાહીનો સામનો કરવા ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતાં. શાહબાઝ શરીફે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, અમે કાશ્મીર અને સિંધુ જળ સંધિના મુદ્દા સહિત તમામ વિવાદો વાતચીતના માધ્યમથી ઉકેલવા તૈયાર છીએ. અમે અમારા પડોશી સાથે વેપાર અને આતંકવાદ વિરોધી મુદ્દાઓ પર પણ વાતચીત કરવા તૈયાર છીએ. શરીફે કહ્યું કે,



જો ભારત આક્રમક વલણ અપનાવવાનું પસંદ કરશે તો અમે થોડા દિવસ પહેલાં જેમ અમારા ક્ષેત્રની સુરક્ષા કરી તેમ આગળ પણ સુરક્ષા કરતાં રહીશું. પરંતુ મારા શાંતિ પ્રસ્તાવનો સ્વીકાર કરશે તો અમે ગંભીરતાપૂર્વક અને પ્રમાણિકતાથી શાંતિના માર્ગે ચાલીશું. અમે પડોશી સાથેના તમામ વિવાદો ઉકેલવા માગીએ છીએ. શરીફે આગળ વાત કરતાં દાવો કર્યો કે, હાલમાં જ ભારત સાથે ચાલેલા સંઘર્ષમાં પાકિસ્તાનનો વિજય થયો હતો. પાકિસ્તાન અને ભારત વચ્ચેની સેનાના ઘર્ષણ દરમિયાન ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદે ચિંતા વ્યક્ત કરી હતી. જેને અમે માન આપીએ છીએ. આ તંગદિલી દરમિયાન ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ પાકિસ્તાનની મુલાકાત કરી હતી.



મુંબઈના માધવબાગ ખાતે ગૃહમંત્રી અમિત શાહ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં પૂજા અને મંદિરની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં હાજર રહ્યા હતા.

# છત્તીસગઢમાં એન્કાઉન્ટર બાદ નક્સલીઓમાં દહેશત ફેલાઇ

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૭ ।

છત્તીસગઢમાં નક્સલ વિરોધી અભિયાન ચલાવી રહેલા સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. અહીં ચાર ખતરનાક નક્સલવાદી સહિત ૧૮ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ તમામ નક્સલીઓ પર કુલ ૩૯ લાખ રૂપિયાનું ઈનામ છે. સુરક્ષા દળોએ બીહડા જંગલોમાં કેમ્પ લગાવતા તેમજ કાર્યવાહી કરતા નક્સલીઓમાં દહેશત ફેલાઈ ગઈ છે. પોલીસ એક્રાઉન્ટરમાં મોત થવાના ડરથી ૧૮ નક્સલીઓએ હિંસાનો રસ્તો છોડી સુકમાના પોલીસ અધિક્ષક અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ સમક્ષ સરેન્ડર કરી દીધું છે. પોલીસના જણાવ્યા મુજબ, સરેન્ડર કરનારા બે નક્સલીઓ પર ૮-૮ લાખ રૂપિયા, એક પુરુષ અને એક મહિલા નક્સલી પર ૫-૫ લાખ રૂપિયા, છ પુરુષ નક્સલીઓ પર ૨-૨ લાખ રૂપિયા અને એક પુરુષ નક્સલી પર એક લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરાયેલું છે. સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે કહ્યું કે, સરેન્ડર કરનારા નક્સલીઓમાં એક મહિલા પણ સામેલ છે. આ તમામ લોકો નક્સલી સંગઠન છોડીને સમાજની મુખ્યધારામાં જોડાવા માટે સરેન્ડર કરી દીધું છે.

**ક્રુરતાની તમામ હદ વટાવી**

# દિલ્હી અને કોલકાતાની ઘટનાઓ કરતાં વધુ ક્રુર ગેંગરેપથી દેશ હચમચી ઊઠ્યો

## બે બદમાશોએ પહેલા મહિલા પર સામૂહિક બળાત્કાર કર્યો અને પછી તેના ગુપ્ત ભાગોમાં લોખંડનો સળિયો અથવા અન્ય કોઈ વસ્તુ દાખલ કરી અને તેનું ગર્ભાશય બહાર કાઢ્યુ

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૨૭ ।

ખંડવા જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. આદિવાસી વિસ્તાર ખલવાના એક ગામમાં ૪૫ વર્ષીય મહિલા પર નિર્દયતાથી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, બે બદમાશોએ પહેલા મહિલા પર સામૂહિક બળાત્કાર કર્યો અને પછી તેના ગુપ્ત ભાગોમાં લોખંડનો સળિયો અથવા અન્ય કોઈ વસ્તુ દાખલ કરી અને તેનું ગર્ભાશય બહાર કાઢ્યું. પીડિતનું ઘટનાસ્થળે જ વેદનાથી મૃત્યુ થયું છે. પોલીસે બંને આરોપીઓને કસ્ટડીમાં લીધા છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. મધ્યપ્રદેશના ખંડવા જિલ્લામાં એક આદિવાસી મહિલા પર થયેલા ગેંગરેપની હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના પછી, એક આરોપીએ મહિલાના




શરીરમાં પોતાનો હાથ ઘુસાડ્યો, જેના કારણે તેના આંતરડા બહાર નીકળી ગયા અને વધુ પડતા રક્તસ્ત્રાવને કારણે તેનું મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું છે. આ ઘટના શુક્રવારે ૨૩ મે રાત્રે જિલ્લાથી ૯૦ કિમી દૂર રોશની પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. ૨૪ મે શનિવારે બપોરે લગભગ ૨.૩૦ વાગ્યે મહિલાનું મૃત્યુ થયું. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આઈજી) સિદ્ધાર્થ બહુગુણા અને તપાસ અધિકારી અને કાલવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર જગદીશ સિંધિયાએ જણાવ્યું હતું કે બે આરોપીઓનિ ધરપકડ કરવામાં આવી છે, મહિલા પર જાતીય હુમલો કર્યા પછી, હરિએ તેના શરીરમાં પોતાનો હાથ દાખલ કર્યો, જેના કારણે તેના આંતરડા બહાર નીકળી ગયા. આરોપીએ આંતરડા પાછું નાખવાનો પ્રયાસ કર્યો, પણ નિષ્ફળ ગયો. તેમણે એ પણ સ્પષ્ટતા કરી કે મહિલાના ગર્ભાશયને કોઈ નુકસાન થયું નથી. હાલમાં પોસ્ટમોર્ટમના પ્રારંભિક રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. પોલીસને ગુનાના સ્થળેથી કોઈ લોખંડ કે લાકડાના સળિયા મળ્યા નથી, જોકે, પોલીસ ગુનાના સ્થળે ખાટલામાંથી લોહીથી ખરડાયેલ 'બેડ રોલ' કબજે કરવા માટે આરોપીને રિમાન્ડ પર લેવાની તૈયારી કરી રહી છે. ભારતીય દંડ સંહિતા (BNS) ની કલમ ૬૬ (મૃત્યુનું કારણ), ૭૦(૧) (સામૂહિક બળાત્કાર) અને ૧૦૩(૧) (હત્યા માટે સજા) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

**હાઈવે પર સેક્સકાંડ**

# NHAIના કર્મચારીએ ખંડણી માગી હતી, પણ માંગ ન સંતોષાતા વીડિયો વાયરલ કર્યો

## પોલીસે તેની મહિલા મિત્રની ઓળખ કરી લીધી છે અને તેની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે

। (એજન્સી) ભોપાલ, તા.૨૭ ।

મધ્યપ્રદેશના મંદસૌરના ભાજપ નેતાના હાઈવે પર સેક્સકાંડ વીડિયોએ સોશિયલ મીડિયા પર જ નહીં, પરંતુ મધ્યપ્રદેશ ભાજપ માં પણ ખળભળાટ મચાવ્યો હતો. વીડિયો વાયરલ થયા બાદ નેતા પર કાર્યવાહીપણ કરવામાં આવી હતી. હવે આ કેસમાં મોટો ખુલાસો થયો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના કર્મચારીએ નેતા પાસે ખંડણી માગી હતી પરંતુ માંગ ન સંતોષાતા તેણે વીડિયો વાયરલ કર્યો હતો. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર પોતાની મહિલા મિત્ર સાથે શારીરિક સંબંધ બાંધનાર મનોહરલાલ ધાકડને સોમવારે જામીન મળ્યા હતા. પોલીસે તેની મહિલા મિત્રની ઓળખ કરી લીધી છે અને તેની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. ભાજપે પણ મનોહર લાલ ધાકડથી પણ અંતર બનાવી લીધું છે. આ કેસમાં, પોલીસે વીડિયો વાયરલ કરવા બદલ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓને નોટિસ ફટકારી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૧૩ મેના રોજ



દિવસ અને રાત્રિ ફરજ પર તૈનાત તમામ કર્મચારીઓની યાદી માંગવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પોલીસ રસ્તા પર શારીરિક સંબંધોનો વીડિયો વાયરલ કરનાર વ્યક્તિ સામે કાર્યવાહી કરી શકે છે. આ માટે, NHAI પાસેથી દિવસ-રાત તૈનાત કરાયેલા તમામ અધિકારીઓની યાદી માંગવામાં આવી છે. એકવાર ઓળખ થઈ ગયા પછી, પોલીસ કાર્યવાહી કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નેતાજી અને તેમની મહિલા મિત્રનો વીડિયો NHAIના કર્મચારીઓ દ્વારા વાયરલ કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અગાઉ કર્મચારીઓ ૮ દિવસ સુધી ધાકડ પાસેથી પૈસા માંગતા રહ્યા અને જ્યારે મામલો ઉકેલાયો નહીં ત્યારે પહેલા ૨૨ મેના રોજ સ્ક્રીનશોટ વાયરલ કરવામાં આવ્યો.

## તંત્રી લેખ...

# દેશમાં ૧૬ વર્ષ બાદ બેહું વહેલું ચોમાસું

ભારતીય હવામાન વિભાગની માહિતી અનુસાર આ વર્ષે ચોમાસું વહેલું આવશે તેમ જણાવવામાં આવ્યું હતું, જે હવે યતાર્થ થઈ રહ્યું છે. અગાઉ થયેલી આગાહીમાં હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જૂનના મધ્યમમાં ગુજરાતમાં ચોમાસાનું આગમન થશે, જોકે હવે આ તારીખ વધુ નજીક આવી ગઈ છે. IMD દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, આ વર્ષે ગુજરાતમાં ૨૯ મે સુધીમાં વરસાદનું આગમન થઈ જશે. આ ફેરફારો પાછળનું કારણ અરેબિયન સમુદ્રમાં સર્જાયેલ સિસ્ટમ હોય શકે છે. તમને જણાવી દઈએ કે, ભારતમાં ચોમાસાની શરૂઆત કેરળથી થાય છે, જ્યાં આગાઉના ડેટા અનુસાર ચોમાસું ૧ જૂનથી શરૂ થવાનું હતું. જોકે કેરળમાં ૧૦ થી ૨૩ મે વચ્ચે જ વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. પરિણામે આ વરસાદી વાદળો આગળ વધતા કર્ણાટક બાદ મહારાષ્ટ્રમાં જે ૧૦ જૂનના આસપાસ પહોંચવાના હતા, તે હવે ૨૬ મે એ જ પહોંચી ગયા હતા. પરિણામે મહારાષ્ટ્રમાં પણ વહેલા વરસાદની શરૂઆત થઈ છે. હવે આ વાદળો ગુજરાત સુધી ૨૯ મે સુધી પહોંચશે જેથી ગુજરાતમાં વહેલું ચોમાસું શરૂ થશે. હમણાં સુધીમાં દેશના કેરળ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ રાજ્યોમાં ચોમાસાનું આગમન થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે આ પ્રકારે વહેલું ચોમાસું બેસવાની સ્થિતિ લગભગ ૧૬ વર્ષ બાદ ફરી સર્જાઈ રહી છે. જેમાં કહી શકાય કે, ૧૬ વર્ષ બાદ ચોમાસાનું વહેલું આગમન થયું છે. આ પહેલા વર્ષ ૨૦૦૯માં ૨૩ મે એ ચોમાસું વહેલું બેઠું હતું. જાણવા જેવી બાબત એ છે કે, આગની ૩૦ જૂન સુધી સમગ્ર દેશમાં ચોમાસાનું આગમન થઈ જશે. જેમાં છેલ્લે દક્ષિણ ભારતથી વરસાદી વાદળો આગળ વધુ ઉત્તર તરફ જતાં અંતે ૩૦ જૂન સુધી જમ્મુ અને કાશ્મીરમાં પણ ચોમાસાની શરૂઆત થશે. જોકે ચાર મહિના સુધી ચાલનારી આ ચોમાસાની ઋતુ આ વર્ષે વહેલા શરૂ થતાં વહેલા સમાપ્ત થશે કે શું, તેવી પણ ચર્ચા થઈ રહી છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત શહેરી વિકાસ ગાથાના ૨૦ વર્ષ પૂર્ણ થવાના સમારોહને સંબોધન કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના ગાંધીનગરમાં ગુજરાત શહેરી વિકાસ ગાથાના ૨૦ વર્ષ પૂર્ણ થવાના સમારોહમાં સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે તેમણે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫નો શુભારંભ કરાવ્યો, જે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ના ૨૦ વર્ષ પૂર્ણ થયા છે. સભાને સંબોધતા તેમણે કહ્યું કે વડોદરા, દાહોદ, ભુજ, અમદાવાદ અને ગાંધીનગરની તેમની મુલાકાત દરમિયાન છેલ્લા ૨ દિવસમાં તેઓ ઓપરેશન સિંદૂરની સફળતા અને ત્રિરંગો લહેરાવતા દેશભક્તિના ઉત્સાહનો અનુભવ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે આ એક જોવાલાયક દશ્ય હતું અને આ લાગણી ફક્ત ગુજરાતમાં જ નહીં, પરંતુ ભારતના દરેક ખૂણામાં અને દરેક ભારતીયના હૃદયમાં હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ‘‘ભારતે આતંકવાદના કાંટાને દૂર કરવાનો નિર્ણય લીધો હતો અને તે પૂર્ણ વિશ્વાસ સાથે કર્યું છે’’. ૧૯૪૭માં ભારત પર થયેલા પ્રથમ આતંકવાદી હુમલાને યાદ કરતાં, ભારતનું ત્રણ ભાગમાં વિભાજન થયા પછી, શ્રી મોદીએ કહ્યું કે પાકિસ્તાને આતંકવાદીઓને આશ્રય આપીને એક ભાગ કબજે કરી લીધો હતો. તેમણે સરદાર પટેલના વિઝનને યાદ કરતાં ભાર મૂક્યો કે, ભારતીય સેના પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર ( પીઓકે ) પર કબજો ન મેળવે ત્યાં સુધી રોકાવી નહોતી જોઈતી. જોકે, તેમણે કહ્યું કે પટેલની સલાહનું પાલન કરવામાં આવ્યું ન હતું. શ્રી મોદીએ ભારપૂર્વક કહ્યું કે આતંકવાદનો આ વારસો છેલ્લા ૭૫ વર્ષથી ચાલુ છે અને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલો તેનું બીજું ભયાનક સ્વરૂપ હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે રાજદ્વારી રમત રમવા છતાં, પાકિસ્તાને વારંવાર યુદ્ધમાં ભારતની લશ્કરી તાકાતનો સામનો કરવો પડ્યો. તેમણે નોંધ્યું કે ત્રણ વખત, ભારતની સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને નિર્ણાયક રીતે હરાવ્યું, જેનાથી સ્પષ્ટ થયું કે પાકિસ્તાન સીધા લશ્કરી સંઘર્ષમાં જીતી શકતું નથી. પાકિસ્તાનને તેની મર્યાદાઓની અનુભૂતિ સ્વીકારતા, શ્રી મોદીએ જણાવ્યું કે પડોશી દેશે પ્રોક્સી વોરનો આશરો લીધો હતો. તેમણે સમજાવ્યું કે તાલીમ પામેલા આતંકવાદીઓને વ્યવસ્થિત લશ્કરી તાલીમ દ્વારા ભારતમાં ઘુસણખોરી કરવામાં આવી હતી, જેનો હેતુ નિર્દોષ અને નિઃશસ્ત્ર નાગરિકોને નિશાન બનાવવાનો હતો, જેમાં શાંતિપૂર્ણ યાત્રાઓ કરતા લોકોનો પણ સમાવેશ થાય છે. ભારતના ઊંડા મૂળિયાવાળા સાંસ્કૃતિક મૂલ્યો પર પ્રકાશ પાડતા, વસુધૈવ કુટુંબકમની ફિલસૂફી પર ભાર મૂકતા, જે સમગ્ર વિશ્વને એક પરિવાર માને છે, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારતે સદીઓથી આ પરંપરાને જાળવી રાખી છે અને તેના પડોશીઓ સાથે શાંતિપૂર્ણ અને સુમેળભર્યા સંબંધો શોધવાનું ચાલુ રાખ્યું છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે જ્યારે ભારત હંમેશા શાંતિ અને સ્થિરતાની હિમાયત કરે છે, ત્યારે તેની શક્તિ સામે વારંવાર આવતા પડકારોને કારણે મજબૂત પ્રતિભાવોની જરૂર પડી છે. તેમણે જણાવ્યું હતું કે ઐતિહાસિક રીતે, જેને પ્રોક્સી યુદ્ધ કહેવામાં આવતું હતું તે હવે વિકસિત થયું છે, ખાસ કરીને ૬ મેની ઘટનાઓ પછી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તાજેતરના વિકાસને ધ્યાનમાં રાખીને, પ્રોક્સી યુદ્ધ જેવા કૃત્યોનો ઉલ્લેખ કરવો ભૂલ હશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવ ઓળખાયેલા આતંકવાદી ઠેકાણાઓને ૨૨ મિનિટની અંદર નાબૂદ કરવામાં આવ્યા હતા, કેમેરા દસ્તાવેજીકરણ દ્વારા સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવી હતી, જેથી સ્થાનિક સ્તરે કોઈ પુરાવા પર પ્રશ્ન ન ઉઠાવી શકાય. પ્રધાનમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તાજેતરની ઘટનાઓ સાબિત કરે છે કે આ હવે ફક્ત પ્રોક્સી વોર નથી, પરંતુ પાકિસ્તાનની ઈરાદાપૂર્વકની અને ગણતરીપૂર્વકની લશ્કરી રણનીતિ છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે ૬ મેના હુમલા પછી, પાકિસ્તાનમાં આતંકવાદીઓના અંતિમ સંસ્કાર સંપૂર્ણ સન્માન સાથે કરવામાં આવ્યા હતા. તેમની શબપેટીઓને રાષ્ટ્રીય ધ્વજમાં લપેટવામાં આવ્યા હતા અને પાકિસ્તાની સૈન્ય દ્વારા સલામી પણ આપવામાં આવી હતી - જે સ્પષ્ટ સંકેત આપે છે કે આ અલગ આતંકવાદી પ્રવૃત્તિઓ નહોતી પરંતુ એક સંરચિત યુદ્ધ અભિગમનો ભાગ હતી. તેમણે ઉમેર્યું કે જો આવી વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવામાં આવશે, તો એવો જ નિર્ણાયક જવાબ આપવામાં આવશે.

મનુષ્યમાં અન્યનો હક મારીને કે પચાવી પાડવાની જે વૃત્તિ વધતી જાય છે, એ તેને માનવતાથી દૂર લઈ જાય છે

# ૨૮ મે વર્લ્ડ હંગર ડે! એટલે કે દિવસે દિવસે વધતી ભૂખમરાની સમસ્યા વિશે ચિંતન કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રીના અને મીના બંને બાળ સખી! એક જ શહેરમાં અભ્યાસ, અને લગ્ન પણ એક જ શહેરમાં થયાં, બંનેનો ઉછેર એકદમ સરખી રીતે થયો! માતા પિતા એ પણ સંસ્કાર સરખા આપ્યાં અને પરોપકાર ની પુંજી આપી બંન્ને સાસરે વળાવી. રીના એક અતિ ધનવાન ખાનદાનની પુત્ર વધુ બની, અને તેના ઘરમાં નોકર ચાકર હતાં.**

તારીખ ૨૮ મે ને વર્લ્ડ હંગર ડે તરીકે ઓળખવામાં આવે છે, તારીખ ૨૯ મે ને ડાયઝેટીવ હેલ્થ ડે તરીકે ઓળખવામાં આવે છે, અને ૩૧ મે એ તમાકું નિષેધ દિવસ.ભૂખમરાની સમસ્યા દૂર કરવાં, તેમજ આરોગ્યનો સંપૂર્ણ આધાર પાચનતંત્ર પર છે, તેને અનુલક્ષીને આહાર ગ્રહણ કરવો એની પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે રખાયો છે. પરંતુ આ બંને એકબીજા સાથે સંકળાયેલા છે, એટલે કે સાધન સંપન્ન વર્ગ જો, પોતે પચાવી શકે એટલું જ ખાતો પીતો હોય તો, અથવા અન્નાના બગાડ પર ધ્યાન આપે! લગ્ન વગેરે સામાજિક પ્રસંગે વધેલો ખોરાક યોગ્ય જગ્યાએ પહોંચતો કરે! ભૂખમરો પ્રમાણમાં ઘટી શકે! આ પેહેલાંના એક લેખમાં પણ લખ્યું હતું કે, મનુષ્યમાં અન્યનો હક મારીને કે પચાવી પાડવાની જે વૃત્તિ વધતી જાય છે, એ તેને માનવતાથી દૂર લઈ જાય છે. આ ઉપરાંત પહેલેથી જ જો અન્ય કોઈનો ભાગ પાડીને જમવાની આદત પાડીએ તો ડોક્ટર આ ખાવું કે આ ન ખાવું એવો પ્રતિબંધ ક્યારેય મુકશે નહીં! એ વાત તો સો ટકા સાચી છે. દિવસે ને દિવસે સારવાર મોંઘી થતી જાય છે ત્યારે, અન્ય એકને જમાડવાનો પ્રયોગ કરવા જેવો ખરો! કદાચ આપણે એ ચૂકી ગયા હોઈએ તો સંતાનોને પણ એવી પ્રેરણા મળે એટલે




હવેથી પણ શરૂ કરી શકાય. ભાગમાંથી ભાગ પાડવો એ સનાતની સંસ્કાર છે, અને આવું નાનકડું કર્મ પણ આપણને ભવસાગર પાર ઉતારી શકે!: અથવા તો મુશ્કેલીમાંથી ઉગારી શકે. તો આવો જ એક કિસ્સો આજે બુધવારની બોધ કથામાં.

રીના અને મીના બંને બાળ સખી! એક જ શહેરમાં અભ્યાસ, અને લગ્ન પણ એક જ શહેરમાં થયાં, બંનેનો ઉછેર એકદમ સરખી રીતે થયો! માતાપિતાએ પણ સંસ્કાર સરખા આપ્યાં અને પરોપકાર ની પુંજી આપી બંન્ને સાસરે વળાવી. રીના એક અતિ ધનવાન ખાનદાનની પુત્રવધુ બની, અને તેના ઘરમાં નોકર ચાકર હતાં,નોકર પર રુઆબ ઝાડતાં સાસરિયાં હતાં! આ બધું જોઈ એણે પણ શેઠાણી બનવાનું શરૂ કર્યું, જ્યારે મીના પ્રમાણમાં સામાન્ય કહી શકાય એવા ઘરની પુત્રવધુ બની. જ્યારે પણ મળવાનું થાય ત્યારે રીના પોતાના સાસરીના વખાણ કરે અને એને ત્યાં તો આમ આટલા નોકર આટલી સુખ સુવિધા વગેરેનું વર્ણન કરે!; કેવાં બધાં માલકિન માલકિન કરી આગળ પાછળ ફરે છે! મીના રાજી થાય અને કહે કે રીના ઈશ્વરે આપણને જે સુખ આપ્યું હોય એમાંથી અન્યનો ભાગ પાડવો એ આપણી ફરજ છે! એટલે થોડું થોડું આવું કંઈક કરતી રહેજે! પણ રીના હસવામાં ઉડાવી દે. મીના પોતાના પરિવારના સભ્યોના સ્વભાવની વાત કરે કે દરેકે દરેક વ્યક્તિ સ્વભાવે એકદમ ઉમદા છે, અમારે ત્યાં કોઈ એક ને રોજ જમાડવાનો રિવાજ છે! અને મારો પણ પૂરતો ખ્યાલ રાખે છે. પછી તો બેયને સંતાન થયું અને એના ઉછેરમાં બંને સહેલી વ્યસ્ત થઈ ગઈ, એટલે મળવાનું પણ ઘટી ગયું. એક દિવસ મીના, રીના રહેતી હતી એ બાજુથી પસાર થઈ, અને એણે જોયું તો રીનાના બંગલોની નેમ પ્લેટ બદલાઈ ગઈ હતી! એણે વિચાર્યું કે વેપાર ધંધાને કારણે બીજે શિફ્ટ થઈ ગયા હશે, અને પછી તો એ ભૂલી પણ ગઈ.

એ વાતને પણ ૨૫ વર્ષ થઈ ગયાં, અને મીનાનો દીકરો ડોક્ટર થઈ ગયો, અને હવે ઘરના વડીલો પણ રહ્યાં નહોતાં, એટલે પતિ પત્ની બંને ક્યારેક ક્યારેક દિકરાને ઘરે આવતાં હતાં. મીનાનો દીકરો પોતાના મમ્મી પપ્પાને પોતાની હોસ્પિટલે રૂટીન ચેકઅપ માટે લઈ આવે છે, અને ત્યાં મીના એકદમ ઘસાઈ ગયેલી સ્ત્રીને હોસ્પિટલની સાફ સફાઈ કરતી જુવે છે, અને આમ મીનાની મુલાકાત રીના સાથે થાય છે. મીના ને રીના પોતાની જાતને સંતાડવા નો પ્રયત્ન કરે છે, અને સાડી છેડો મોઢા પર નાખી દે છે. મીના પણ જાહેરમાં એને શરમ આવશે એમ વિચારી આગળ ચાલી જાય છે, અને પછી એનાં દિકરાને પેલી સફાઈ વાળી સ્ત્રીને બોલાવવા કહે છે. રીના ડોકટરની ચેમ્બરમાં આવે છે એટલે મીના એને બાજુમાં બેસાડે છે અને કહે છે હું જાણું છું તું રીના છે! રીનાની આંખમાં આંસું આવી ગયાં અને કહ્યું હાં હું રીના જ છું! પહેલું બાળક જ મરેલું જન્મ્યું! અને પછી બે વર્ષ સુધી બાળક થયું નહીં, એટલે ઘરમાં મારા પતિનાં બીજા લગ્નની વાત થવા માંડી! અને મેં ડિવોર્સની ના પાડી એટલે મૈત્રી કરાર ને નામે એક સ્ત્રી આવી! મેં ભૂલ કરી મોં માંગ્યા રુપિયા લઈને ડિવોર્સ આપ્યાં હોત તો કંઈ નહોતું! પણ આ તો મારી છાતી પર જ... પણ મારા નિસાસા એ બધાને ભારે પડ્યાં અને ધમધોકાર ચાલતો ધંધો પડી ભાંગ્યો, અને પછી તો ખોટ પર ખોટ! એ સ્ત્રીના પગલે આમ થયું એમ કરી એને કાઢી મુકી, પછી તો આઘાતમાં વડીલો ચાલ્યાં ગયાં! વધુ પડતું તીખું તળેલું અને મસાલેદાર વારંવાર ખાવું ઉપરાંત રુપિયાને કારણે પડેલી વ્યસનની ખરાબ આદતોને કારણે એને પહેલા અલ્સર અને પછી આંતરડાનું કેન્સર થયું! ટ્રીટમેન્ટ કરાવવામાં રહ્યોસહ્યો રુપિયો જતો રહ્યો! અને છતાં કંઈ ફાયદો થયો નહીં એટલે એણે પણ એક દિવસ આ દર્દથી કંટાળી આપધાત કર્યો! હું સાવ નિઃસહાય થઈ ગઈ, બંગલો તો ઠીક ન્હોતો પણ છત પણ હતી નહીં! પેટનો ખાડો પૂરવાં ભીખ માંગવી પડતી, એક દિવસ મંદિરને ઓટલે ભીખ માંગતી હતી, ત્યારે અમારી જૂની કામવાળી મળી ગઈ!: અને અહીંનું કામ અપાવ્યું! ડોકટર ની મહેરબાનીથી હવે હોસ્પિટલનાં ક્વાર્ટરમાં રહું છું. મીના તું.. તમે સાચું જ કહ્યું હતું!; ઈશ્વરે રુપિયા પૈસાનું સુખ આપ્યું હોય તો કોઈનું દુઃખ દૂર કરવું જોઈએ, કોઈની ભૂખ ભાંગવી જોઈએ! પણ રુપિયાનાં રુઆબે મને ભાન ભૂલાવી દીધી! અને માતાપિતાના સંસ્કારો ભૂલી ગઈ!; કોઈનાં આંસુ લૂછવાની બદલે આંસુ આવે એવું કર્યું! એટલે આ દિવસ આવ્યો, અને તમે એ ભૂલ્યા નહીં. એટલે ભગવાને દેવ જેવો દિકરો આપ્યો! અને એને પણ એવાં જ સંસ્કાર દિકરાને પણ આપ્યા! એટલે એણે મારા જેવા કંઈકને ભૂખમરાથી બચાવ્યા!: અને કેટલાંય નો ઈલાજ કરી રોગથી બચાવ્યા. કર્મ નો મર્મ તો આપણે સંસારી સમજી શકીએ કે કેમ? પણ આપણે ત્યાં અન્નને બ્રહ્મ કહ્યો છે, શંકરાચાર્ય ભગવાને પણ અન્નને ઔષધિ કહી છે તો શાસ્ત્ર વચનનો આદર કરીએ. દિવસે દિવસે વધતી વસ્તી તેમજ મોંઘવારીને કારણે વધતી જતી ભૂખમરાની સમસ્યા તેમજ પાચનતંત્રને લગતા રોગ પર કાબૂ મેળવવા માટે વસુધૈવ કુટુંબની ભાવનાથી જેટલું થાય એટલું આપણે સૌ કરીએ. જય હિન્દ.

ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે, તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી

# શરીર અને આંખ સ્થિર ન થાય ત્યાં સુધી મન સ્થિર થતું નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભગવાન કસોટી કરીને અપનાવે છે, નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી, મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયુગમાં આવી કસોટી કરશો નહીં.આવી કસોટી કરશો, તો કોઈ તમારી સેવા કરશે નહીં, ભગવાનની કથા સાંભળવા થી શ્રદ્ધા દઢ થાય છે, તે પછી ભગવાન તરફ આસક્તિ વધે છે, ભગવાન તરફ આસક્તિ વધે છે એટલે વ્યસના ત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે, ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.**

પાકિસ્તાનના બાળકોને ઉમદા શિખામણ મળી કે સેના અને સરકાર પર વિકાસની ગાથા થાય તેવું કંઈક કરો બાકી તમારું ભાવિ ખરાબ છે. રોટી ખાઈને મૌજ કરો બાકી જો ભારત બાજુ નજર કરી તો ગોળી છે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો મા, આ મન અનાદિકાળથી સંસારમાં ભટકતું આવ્યું છે. સત્સંગથી મન સુધરે છે,વાસનાનો ત્યાગ કરવાથી મન સુધરે છે. વિવેકી પુરુષો સંગ અથવા આસક્તિને આત્માનું બંધન માને છે, પરંતુએ સંગ અથવા આસક્તિ જ્યારે સંત મહાત્માઓ પ્રતિ થાય છે,તો મોક્ષ નું દ્વાર ખુલ્લું થઈ જાય છે માટે સત્સંગ કરવો. કપિલમુનિ માતાને કહે છે, દેવહુતિ કહે છે કે, મને જગતમાં ક્યાંય સંત દેખાતા નથી. કપિલ ભગવાન કહે છે, મા, તું સંત થા,એટલે તને સંત મળશે. એકનાથ તુકારામ, નરસિંહ ગૃહસ્થાશ્રમી હતા. તેઓ ઘરમાં રહીને સંત થયેલા છે. સંતનાં લક્ષણો જીવનમાં ઉતારો તો સંત થશો. સત્સંગ વગર સુખ મળતું નથી. સંત થયા વિના સાચા સંત મળતા નથી. દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ બને છે. હનુમાનજીની આંખ ક્રોધ થી લાલ થવાથી ધોળાં ફૂલ પણ તેમને લાલ દેખાયાં હતાં. આ વાત એક નાથ મહારાજે કહી છે.તેઓ રામાયણના સુંદરકાંડની કથા કહી રહ્યા હતા.

આ સુંદરકાંડમાં સઘળું સુંદર છે. સુંદરકાંડનું નામ સુંદર એટલા માટે રાખ્યું છે કે,હનુમાનજીને તેમાં માતાજીની પરાભક્તિનાં દર્શન થયાં છે.બ્રહ્મચર્ય અને રામનામની શક્તિ હોય, તો દરિયો આ સંસાર સાગર ઓળંગાય. હનુમાનજી જેવા હોય તો જ આ દરિયો ઓળંગી શકે.દરિયો ઓળંગી હનુમાન અશોકવનમાં આવ્યા છે.એકનાથ મહારાજે કથામાં કહ્યું કે, હનુમાન જી જ્યારે અશોકવનમાં આવ્યાછે, ત્યારે ત્યાંના ફૂલઝાડો ઉપર ધોળાં ફૂલ ખીલી રહ્યાં હતાં. સીતાજી જ્યાં હોય તે અશોકવન. ભક્તિ જ્યાં હોય ત્યાં શોક નહોય એકનાથજીની આ કથા હનુમાન જી સાંભળવા આવેલા. તેમણે તરત પ્રગટ થઈ વિરોધ નોંધાવ્યો. મહારાજ, તમે ખોટું કહી રહ્યા છો. મેં તે વખતે અશોક વનમાં મારી સગી આંખોએ ફૂલો જોયેલાં. ફૂલો ધોળાં નહીં પણ રાતાં હતાં. એકનાથ મહારાજે કહ્યું, મને જેવું દેખાય છે તેવું વર્ણન કરું છું. છેવટે ઝઘડો રામચંદ્રજી પાસે ગયો. રામજીએ કહ્યું, તમે બંને સાચા છો.ફૂલો ધોળા પરંતુ હનુમાનજીની આંખો તે વખતે ક્રોધથી લાલ થયેલી હતી, એટલે એમને ફૂલો રાતાં દેખાયાં એ પણ સાચું છે. જેવી મનુષ્યની દૃષ્ટિ હશે તેવી તેને સૃષ્ટિ દેખાશે. દુર્યોધનને જગતમાં કોઈ સંત ન દેખાયો, બધા દુર્જન માલૂમ પડ્યા. ત્યારે યુધિષ્ઠિરને જગતમાં કોઈ દુર્જન ન દેખાયો, તેને બધા સજ્જન લાગ્યા. સંતોનાં લક્ષણોમાં તિતિક્ષાને પ્રાધાન્ય આપવામાં આવેલું છે. સહન કરો તો સુખી થશો. સંતોનાં ચરિત્રો વાંચો. સંતોને ખૂબ દુઃખ પડયું છે, પણ તે દુઃખોની અસર સંતોના મન ઉપર થતી નથી.એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા ગોદાવરી નદી ઉપર જવાના માર્ગ ઉપર એક પઠાણ રહે. તે માર્ગથી જે હિંદુઓ સ્નાન કરીને જાય તેમને પઠાણ બહુ તંગ કરતો. એકનાથ મહારાજ પણ એ જ રસ્તેથી ગોદાવરીમાં સ્નાન કરવા જતા હતા.પઠાણ મહારાજને પણ તંગ કરતો પણએકનાથજી સર્વ સહન કરે.એક દિવસ પઠાણને થયું કે, આ માણસને ગુસ્સે કરું ત્યારે ખરો! એકનાથજી મહારાજ નદીમાં સ્નાન કરીને પાછા ફરતા હતા.પેલો યવન એમના ઉપર થૂંક્યો,મહારાજ ફરીથી સ્નાન કરવા ગયા. પણ યવન ઉપર ગુસ્સે થયા નહીં. યવન ફરી થૂંક્યો. મહારાજ ફરી સ્નાન કરવા ગયા. આવું ચાલ્યા જ કર્યું. મહારાજ ૧૦૮ વખત સ્નાન કરવા ગયા, ને યવન એમના પર એકસો આઠ વખત થૂંક્યો.છેવટે યવન મહારાજના પગે પડી કહે, આપ સંત છો. હું તમને ઓળખી શક્યો નહીં. મહારાજ કહે,એમાં ક્ષમા કરવા જેવું શું છે?તારા લીધે આજે ૧૦૮ વખત ગોદાવરીમાં સ્નાન કરવાનું પુણ્ય મને મળ્યું. શાંતિ તેની કાયમ રહે છેજે અંદરથી ઈશ્વરનું અનુ સંધાન રાખે છે. ઈશ્વરથી દૂર છે તેને શાંતિ ક્યાંથી? જે ખૂબ સહન કરે છે તે સંત બને છે. અતિશય વિપત્તિમાં પણ જે ઈશ્વરનો અનુ ગ્રહ સમજે એ મહાન વૈષ્ણવ. બાકી દુષ્ટ લોકો કોઈનું સારું જોઈ શકતા નથી.દુષ્ટ લોકોએ તુકારામ ને ગધેડા ઉપર બેસાડયા ત્યારે તુકારામ પત્નીને કહે છે, મારા વિઠ્ઠલનાથે મારા માટે ગરુડ મોકલ્યું છે. તેના ઉપર બેઠો છું. આ સંતભાવ છે. જગતમાં ખૂબ સહન કરો.જગતમાં અંધારું છે એટલે પ્રકાશની કિંમત છે. તિતિક્ષા એ સંતોનું પહેલું લક્ષણ. કરુણા બીજું.સર્વ દેહ ધારીઓ પ્રતિ પ્રેમ પછી અજાત શત્રુપણું, શાંત સરળ ભાવ વગેરે લક્ષણો બતાવ્યાં.શાંતિની પરીક્ષા પ્રતિ કૂળતામાં થાય છે. અર્થનું-પૈસાનું અનુસંધાન રોજ રાખો છો,પરંતુ તે સાથે પરમાત્મા નું અનુસંધાન રાખશો તો પૈસા પણ મળશે અને શાંતિ પણ મળશે. આ જીવન ગાડીના ફક્ત પાટા જ બદલવાના છે.સંત પ્રભુ ના માટે સર્વનો ત્યાગ કરે છે. ભગવાન કહે છે કે સંત મારા માટે સંપૂર્ણ કર્મ તથા સગાંસંબંધીઓ નો ત્યાગ કરે છે. ભગવાન કસોટી કરીને અપનાવે છે. નરસિંહ મહેતાની બહુ કસોટી કરેલી. મહેતાજીએ માગ્યું, ભગવાન કળિયુગમાં આવી કસોટી કરશો નહીં.આવી કસોટી કરશો,તો કોઈ તમારી સેવા કરશે નહીં.ભગવાનની કથા સાંભળવા થી શ્રદ્ધા દઢ થાય છે,તેપછી ભગવાન તરફ આસક્તિ વધે છે. ભગવાન તરફ આસક્તિ વધે છે એટલે વ્યસના ત્મિકા ભક્તિ પ્રાપ્ત થાય છે. ભક્તિ વ્યસનરૂપ બને ત્યારે એને મુક્તિ સુલભ થાય છે.ભક્તિ જ્યારે વ્યસનની ઉગ્રતા જેવી બને છે ત્યારે તે ઈશ્વર પાસે લઈ જાય છે. તીવ્ર ભક્તિ વગર મુક્તિ મળતી નથી. તીવ્ર ભક્તિ એટલે વ્યસનાત્મિકા ભક્તિ તુકારામે ભક્તની સુંદર વ્યાખ્યા આપી છે.એક ક્ષણ પણ ભગવાન થી વિભક્ત ન થાય એ ભક્ત. વ્યવહારનું કાર્ય કરતાં ભગવાનથી વિભક્ત ન થાય તેનું નામ ભક્ત. કપિલ ભગવાને માતા દેવહુતિને તીવ્રભક્તિ કરવા આજ્ઞા આપી છે.

આ પ્રકારે શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને વૈરાગ્યમુક્તિ જ્ઞાનથી, યોગથી અને ભક્તિથી મનુષ્ય આ જ શરીરમાં પોતાના અંતરાત્મા એવા પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.પરંતુ ભગવાનની અહેતુકી ભક્તિ મુક્તિ કરતાં શ્રેષ્ઠ છે.

કપિલ ભગવાન માતા દેવહુતિને કહે છે કે, આ બધું દેખાય છે તે સાચું નથી. સ્વપ્ન ખોટું છે છતાં સુખદુઃખ આપે છે. જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનું મસ્તક છેદાયા વિના પણ મારું મસ્તક છેદાયું એવી ભ્રાંતિ થાય છે અને તે રડે છે, તેમ જીવાત્માને અવિદ્યા વડે સર્વ પ્રકારની ભ્રાંતિ થાય છે. આને માથા કહે છે. સ્વપ્નમાં કોઈ વસ્તુ નથી છતાં દેખાય છે.તેવીજ રીતે જાગ્રત અવસ્થામાં તત્ત્વ દૃષ્ટિથી કાંઈ ન હોવા છતાં માયા થી અજ્ઞાન બધું ભાસે છે.

જગત સ્વપ્ન જેવું છે.આ સિદ્ધાંત ભાગવતમાં વારંવાર એટલા માટે કહેવામાં આવે છે કે,જગતના પદાર્થોમાં મોહ ન થાય. સંસારના વિષયોમાં પૂર્ણ વૈરાગ્ય આવે એટલે આ પ્રમાણે કહેવામાં આવે છે. સંસારના સુખો ભોગવવાની લાલસા હોય ત્યાં સુધી માનવું કે, હું સૂતેલો છું. સુખ ભોગવવાની ઈચ્છા મહાન દુઃખ છે. શરીર અને આંખ સ્થિર ન થાય ત્યાં સુધી મન સ્થિર થતું નથી.આંખમાં શ્રીકૃષ્ણ સ્થિર થાયછે ત્યારે મન શુદ્ધ થાય છે

જેને ધ્યાન કરવું છે તે એક આસને બેસે. ધ્યાનમાં મનને સ્થિર કરવું. ધ્યાન કરવા બેસે ત્યારે સંસારને મનમાંથી બહાર કાઢો.ધ્યાન કરવાથી મન સ્થિર થાય છે.ધ્યાન વગર દર્શન પરિ પૂર્ણ થાય નહીં.ભોગ ભૂમિમાં રહી ભગવાનનું ધ્યાન કરવું કઠણ છે. સંસારમાં રહી જ્ઞાન,ભક્તિમાં નિષ્ઠા રાખવી મુશ્કેલછે.ભૂમિની અસર મન ઉપર થાય છે. ધ્યાન કરનારે પવિત્ર અને એકાંત સ્થાનમાં ધ્યાન કરવાબેસવું જે ધ્યાન કરવું છેતે પવિત્રપરિમિત અન્નનું સેવન કરે. આહાર અલ્પ અને સાત્ત્વિક હોવોજોઈએ જેનું પેટ ભારે થાય,પેટમાં અજીર્ણથાય તે બ્રહ્મચર્ય પાળી શકતા નથીજેને ધ્યાન કરવું છે તે ચોરી ન કરે. અનેક વખત મનુષ્ય આંખ અને મનથી ચોરી કરે છે. પારકી વસ્તુ જોઈ મનથી તેનું ચિંતન કરે એ ચોરી કરે છે.ધ્યાન કરવું છે તેણે સર્વ ઈન્દ્રિયોથી બ્રહ્મચર્ય પાળવું જોઈએ. શરીરથી બ્રહ્મચર્ય ઘણા પાળે છેપણ મનથી પાળતા નથી. મનથી બ્રહ્મચર્યનો ભંગ, શરીરથી બ્રહ્મચર્યનો ભંગ કર્યા સમાન જ છે. ચોરી આંખથી કરો કે મનથી કરો આખરે તો ચોરી જ છે. માટે પ્રત્યેક ઈન્દ્રિયથી બ્રહ્મચર્ય પાળવાનું. શરીરથી નહીં, મનથી પણ બ્રહ્મચર્ય પાળો. એક દિવસ બ્રહ્મચર્યનો ભંગ થાય છે તો ચાલીસ દિવસ સુધી મન સ્થિર થતું નથી.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભગવદ ગીતા જ્ઞાનમાં અહી અટકીએ અસ્તુ.

# શૈતાનની દુનિયામાં હવે 'મા'ની એન્ટ્રી

## વિશાલએ ડિરેક્ટ કરેલી ફિલ્મનું પોસ્ટર કાજોલે સોમવારે પોતાના સોશિયલ મીડિયા પર શેર કર્યું

કાજોલ હંમેશા બબલી કે થોડાં ગંભીર કે રોમેન્ટીક રોલમાં જોવા મળી છે, હવે તે પહેલી વખત માઈથોલોજોકલ હોરર જોનરમાં પ્રવેશ કરી રહી છે. તે 'મા' નામની એક હોરર થ્રિલર ફિલ્મમાં જોવા મળશે. વિશાલ ફુરિયાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મનું પોસ્ટર કાજોલે સોમવારે પોતાના સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું. તેનાથી કાજોલના ફૅન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે. ઘણા લોકોએ આ ફિલ્મ વિશે ઉત્સુકતા પણ વ્યક્ત કરી હતી. આ પોસ્ટરમા કાજોલ કોઈ ડરાવણા રાક્ષસ જેવા તત્વનો સામનો કરી રહી હોય એવું તેનું ઉગ્ર સ્વરૂપ દેખાય છે, તેનાથી ફિલ્મ કેવી હશે તેનો અંદાજ આવે છે. સાથે જ વધુ ડરાવણી ટૅગલાઈન પણ આપવામાં આવી છે, 'રક્ષક. ભક્ષક. મા' આમ આ ફિલ્મમાં એક પજબુત વાર્તા હોવાનો પણ અંદાજ આવે છે. આ પોસ્ટર સાથેની કૅપ્શનમાં લખાયું છે, 'રક્ષક. ભક્ષક. મા. ધ પ્રોટેક્ટર. ધ ડિસ્ટ્રોયર. ૪ દિવસમાં ટ્રેલર આવશે.'આ પોસ્ટર શેર થતાં જ કાજોલ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડિંગ થવા માંડી હતી અને તેનું પોસ્ટર પણ છવાઈ ગયું હતું. 'મા' ફિલ્મમાં કાજોલ એક શક્તિશાળી માતાના રોલમાં છે, જે પોતાના બાળકની રક્ષા માટે દંતકથાઓ સમાન પાત્રો સામે લડશે. આ પાત્ર સામાન્ય માના પાત્રોથી ઘણું મજબુત અને અલગ છે. કાજોલે પણ આ પાત્રને તેનું અત્યાર સુધીનું સૌથી મજબુત પાત્ર ગણાવે છે. આ જ વાત પોસ્ટરમાંથી પણ સ્પષ્ટ થાય છે.આ ફિલ્મ અજય દેવગન, જ્યોતિ દેશપાડે અને કુમાર મંગત પાઠક મળીને પ્રોડ્યુસ કરશે. જિઓ સ્ટુડિયો અને દેવગન ફિલ્મ મળીને આ ફિલ્મ બનાવશે. આ ફિલ્મની સ્ટોરી અને સ્ક્રીનપ્લે સૈવિન ક્વોડ્રાસ દ્વારા લખવામાં આવ્યા છે.




# સિમર અગસ્ત્ય સાથે બ્લોકબસ્ટર ડેબ્યૂ કરશે

અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા અને અક્ષય કુમારની ભત્રીજી સિમર ભાટિયા ખૂબ જ ટૂંક સમયમાં પહેલીવાર મોટા પડદા પર જોવા મળશે. તેમની ફિલ્મ 'ઈક્કિસ'ની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી. હવે આખરે ફિલ્મની રિલીઝ તારીખ જાહેર કરવામાં આવી છે. આ સાથે, નિર્માતાઓએ ફિલ્મની વાર્તા વિશે થોડો સંકેત પણ આપ્યો છે.અગસ્ત્ય નંદા અને સિમર ભાટિયા અભિનીત ફિલ્મ 'ઈક્કિસ' ભારતીય સેનાના બહાદુર લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની સત્ય ઘટના પર આધારિત છે. આ ફિલ્મમાં ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં તેમની બહાદુરી દર્શાવવામાં આવશે. અગસ્ત્ય અને સિમર ઉપરાંત, આ ફિલ્મમાં ધર્મેન્દ્ર અને જયદીપ અહલાવત જેવા મહાન કલાકારો પણ છે.'ઈક્કિસ'નું દિગ્દર્શન શ્રીરામ રાઘવન દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે અગાઉ 'બદલાપુર', 'અંધાધુન', 'એજન્ટ વિનોદ', 'જોની ગદર' જેવી ફિલ્મો બનાવી છે. આ ફિલ્મ દિનેશ વિજનની 'મેડોક ફિલ્મ્સ' દ્વારા બનાવવામાં આવી છે. અગસ્ત્ય અને સિમરની ફિલ્મ 'ઈક્કિસ' ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.'ઈક્કીસ' ની વાર્તા સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલની છે, જે ૧૯૭૧ ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં શહીદ થયા હતા. તેમને તેમની બહાદુરી માટે ભારત સરકાર દ્વારા પરમવીર ચક્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. તેમને આ સન્માન માત્ર ૨૧ વર્ષની ઉંમરે મળ્યું, ત્યારબાદ તેઓ ભારતના સૌથી નાની ઉંમરના પરમવીર ચક્ર નાયક બન્યા.અગસ્ત્ય નંદાએ ૨૦૨૩ માં નેટફ્લિક્સ ફિલ્મ 'ધ આર્ચીઝ' થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. પરંતુ તેમની ફિલ્મને ઘણી ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો. હવે અગસ્ત્ય પહેલીવાર ફિલ્મ 'ઈક્કિસ'માં મોટા પડદા પર જોવા મળશે. તેમની સાથે, ધર્મેન્દ્ર અને જયદીપ પણ ફિલ્મમાં હશે જેમની પાસેથી લોકોને પહેલેથી જ ઘણી અપેક્ષાઓ છે.ઉપરાંત, આ ફિલ્મ મેડોક ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવી છે જેનો ટ્રેક રેકોર્ડ ફિલ્મોની વાર્તાની દ્રષ્ટિએ ખૂબ સારો રહ્યો છે. સિમર ભાટિયા પણ 'ઈક્કિસ' સાથે બોલિવૂડમાં પ્રવેશ કરવા જઈ રહી છે. તેણી ઘણીવાર તેના ફોટાઓથી સોશિયલ મીડિયા પર લોકો તરફથી પ્રશંસા મેળવે છે.






# ભારતની નંદિની મિસ વર્લ્ડ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં

હૈદરાબાદમાં આ વર્ષની મિસ વર્લ્ડ સ્પર્ધા યોજાઈ રહી છે. જેમાં ભારતમાંથી મિસ ઈન્ડિયા સ્પર્ધા જીતીને આ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે. ત્યારે હવે નંદિની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. તેના માટે તે ટોપ મોડેલ રાઉન્ડમાં એશિયા એન્ડ ઓશેનિયા રીજનમાંથી વિજેતા બની ગઈ હતી. આ રાઉન્ડ જીત્યા પછી તે મિસ વર્લ્ડના તાજથી વધુ એક કદમ નજીક પહોંચી ગઈ છે. હૈદરાબાદની હોટેલ ટ્રાઇડન્ટમાં ટોપ મોડેલ ચેલેન્જનો રાઉન્ડ યોજાયો હતો. ૭૨મી મિસ વર્લ્ડ સ્પર્ધાનો ફાઇનલ રાઉન્ડ ૩૧ મે, ૨૦૨૫ના રોજ હાઈટેક્સ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાવાનો છે.આ સ્પર્ધામાં વિવિધ દેશોની ૧૦૮ સુંદરીઓ ભાગ લઈ રહી છે. ટોપ મોડેલ રાઉન્ડમાં તેમણે પોતાના દેશની સ્ટાઈલસ એલિગન્સ અને કલ્ચર રજુ કર્યા હતાં. આ રાઉન્ડમાં ચાર અલગ અલગ ખંડની વિજેતા જાહેર કરવામાં આવી હતી, યુરોપમાંથી આયર્લેન્ડની જેસ્મિન જેરાર્ડ, આળિકામાંથી નામિબિઆની સેલ્મા કામાન્યા, અમેરિકા અને કેરેબિયન ખંડમાંથી માર્ટિનિકની ઓરેલી જોશીમ તેમજ એશિયા એન્ડ ઓશેનિયા ખંડમાંથી ભારતની નંદિની ગુપ્તા વિજેતા રહી હતી. આ બધાં જ વિજેતાઓ હવે મિસ વર્લ્ડ ૨૦૨૫ના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયાં છે. આ રાઉન્ડમાં બધી જ કન્ટેસ્ટન્ટે તેમનાં વ્યક્તિત્વ અને તેમના દેશની સંસ્કૃતિ સાથે ખાસ કારણ દર્શાવી શકે એ પ્રકારના ડિઝાઈનર ડ્રેસ પહેર્યા હતાં. તેમાં નંદિની ગુપ્તાએ ભારત દેશની ફેશન, સુંદરતા અને સંસ્કૃતિ દર્શાવતો સુંદર ડ્રેસ પહેર્યો હતો. આ અંગે તેને પૂછવામાં આવતાં તેણે કહ્યું હતું, "આ ડ્રેસ દુનિયામાં ખીલી રહેલાં ફુલો અને સુંદરતા દર્શાવે છે, જે રોહિત બલના કાયનાત કલેક્શનનો છેલ્લો ડ્રેસ છે. તાજેતરમાં જ તેમનું નિધન થયું અને તેઓ ભારતીય ફેશનની દુનિયામાં ન ભરી શકાય એવો એક ખાલીપો છોડીને ગયા છે.




### ૨૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ લગ્ન કર્યા હતા

# ૫૭ વર્ષનો અરબાઝ પિતા બનશે તેવી જોરદાર ચર્ચા

અરબાઝ ખાન અને શૂરા ખાન તેમના પહેલા બાળકની અપેક્ષા રાખી રહ્યા છે તેવી જોરદાર ચર્ચા ચાલી રહી છે. જોકે આ દંપતીએ હજુ સુધી આ વિશે કોઈ જાહેરાત કરી નથી, ચાહકોને લાગે છે કે શૂરા ગર્ભવતી છે. આ દંપતી, જે ૨૦૨૩ માં લગ્ન કર્યા હતા તે ગયા મહિને પહેલી વાર એક ક્લિનિકમાં સાથે જોવા મળ્યા હતા, જેનાથી તેમની ગર્ભાવસ્થાની અફવાઓ ફેલાઈ હતી. રવિવારે, બંને લંચ ડેટ પછી એક રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા, જ્યાં અરબાઝ તેની પત્નીને સીડીઓ પરથી નીચે લઈ જતો જોવા મળ્યો હતો.શૂરા ખાને એક ઢીલો ડ્રેસ પહેર્યો હતો જે સેલિબ્રિટી સામાન્ય રીતે ગર્ભાવસ્થાના શરૂઆતના તબક્કામાં પહેરે છે. તેણીની સાથે તેના પતિ પણ હતા જેમણે બહાર ફરવા માટે સફેદ ટી-શર્ટ અને ડેનિમ પહેર્યું હતું. દબંગ અભિનેતાએ તેની પત્નીને કહ્યું કે શાંતિથી રહે. પછી તે તેની કારની અંદર ગઈ. પછી તેણે પપ્પાનું સ્વાગત કર્યું અને ગાડીમાં બેસી ગયો. કોમેન્ટ બોક્સમાં ચાહકોએ ઝડપથી અનુમાન લગાવ્યું કે શૂરા ખાન ખરેખર ગર્ભવતી છે. ૫૭ વર્ષીય અરબાઝ ખાને ૨૪ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ શૂરા સાથે લગ્ન કર્યા હતા. તેમની વચ્ચે ૨૨ વર્ષનો ઉંમરનો તફાવત હોવાનું કહેવાય છે.



# ધર્મેન્દ્ર-અગત્સ્યની 'ઇક્કિસ' ગાંધી જયંતિ પર રિલીઝ થશે

## ફિલ્મ જીવનનું બલિદાન આપનારા વીર અરુણ ખેતરપાલના જીવન પર આધારીત છે

અમિતાભ બચ્ચનનો દોહિત્ર અગત્સ્ય નંદા મોટા પડદે એક નોંધપાત્ર ફિલ્મ સાથે એન્ટ્રી કરી રહ્યો છે. થ્રિલર ફિલ્મ માટે જાણીતા ડિરેક્ટર શ્રીરામ રાઘવન 'ઈક્કિસ' ફિલ્મ બનાવી રહ્યા છે, જેમાં તેની સાથે ધર્મેન્દ્ર અને જયદીપ આઈાવત પણ છે. આ એક વૉર ડ્રામા ફિલ્મ છે, જે ૧૯૭૧ના યુદ્ધમાં ભારત પાકિસ્તાનના યુદ્ધમાં શહિદ થનારા અરુણ ખેતરપાલના જીવન પર આધારીત છે. ફિલ્મની ટીમ દ્વારા સોમવારે ટીઝર લૉંચ કરીને તેની રિલીઝ ડેટ પણ જાહેર કરી હતી. આ ફિલ્મ ૨ ઓક્ટોબરે રિલીઝ થશે. આ ફિલ્મ જીવનનું બલિદાન આપનારા વીર અરુણ ખેતરપ ાલના જીવન પર આધારીત છે, જેઓ દેશના સૌથી નાની ઉંમરના પરમ વીર ચક્ર પ્રાપ્ત કરનાર સૈનિક હતા. આ ફિલ્મમાં ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ પર આધારીત છે. જેવું આ ટીઝર લૉંચ થયું કે અગત્સ્યની કહેવાતી ગર્લ ળેન્ડ સુહના ખાને પણ ટીઝર પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં શેર કરીને સ્માઈલ અને હાર્ટના ઈમોજી પણ મુક્યા હતા.અગાઉ એક ઈન્ટરવ્યુમાં રાઘવને જણાવ્યું હતું, "આ એક એવી સ્ટોરી છે, જે મને સ્પર્શી ગઈ અને મને ગમી ગઈ. ફિલ્મના ઘણા ભાગ ઘણા ભાવુક કરે એવા પણ છે. આ ફિલ્મમાં યુદ્ધના દ્રશ્યો પણ છે, જે શબ્દસઃ દર્શાવાયા છે. આશા છે કે અમે કશુંક અલગ કરવાની કોશિષ કરી છે. આ એક યુદ્ધ પરની ફિલ્મ છે અને તેમાં ડ્રામા પણ છે. હું જે પ્રકારની ફિલ્મ બનાવું છું એના કરતાં આ ફિલ્મ ઘણી અલગ છે અને મારે એવું કરવું હતું.






ફિલ્મ 'સિસ્ટર મિડનાઇટ'થી કરન રંધારી ડિરેક્શનમાં ડેબ્યુ કરશે

# ફિલ્મ અને કામને કચરો કહેનારા કોઈ વાંધો નથી : રાધિકા આપ્ટે

રાધિકા આપ્ટેએ છેલ્લે 'સિસ્ટર મિડનાઈટ' ફિલ્મ કરી છે, ત્યારે તેણે પોતાની ફિલ્મની પસંદગી અને ફિલ્મ અંગેના નિર્ણયો બાબતે તેના સિદ્ધાંતો અને વિચારો વિશે વગતે વાત કરી છે. તેણે આ બાબતે જીવનમાં શિસ્તના મહત્વ અને કોઈ અતાર્કિક વાત પર ધ્યાન ન આપવા વિશે પણ કરી હતી અને તે ટીકા સ્વીકારવા બાબતે કેટલી સહજ છે, તે અંગે પણ વાત કરી હતી. પોતાના નિર્ણયો બાબતે અને કારકિર્દીમાં વિકલ્પો અંગે વાત કરતા રાધિકાએ કહ્યું, ભારતમાં ટૂંક સમયમાં રજૂ થનારી તેની ફિલ્મ 'સિસ્ટર મિડનાઈટ'થી કરન રંધારી ડિરેક્શનમાં ડેબ્યુ કરશે "મને જે વાત ગળે ન ઉતરે એ કામ હું કરતી નથી. હું હંમેશા અઘરી રહી છું. એવી જે દરેક બાબતે બળવો અને વિરોધ કરે. તેથી સામાન્ય કે રુઢિગત રીતે એવું થઈ જાય છે કે, "તારે આવું જ કરવાનું છે?" હા, કારણ કે મને એ સમજાતું નથી. એમને લાગે છે, "હું કોઈ બાબત જે છે તેમ જ ન સ્વીકારી શકું?" ના. એવું ન થાય. આ રીતે તેના માટે સતત લડતા રહેવામાં તમે થાકી જાઓ છો."જ્યારે ટીકાનો સામનો કરવા બાબતે રાધિકાએ કહ્યું, "આપણે એ વાતને સહજ કરવાની જરૂર છે. મને નિષ્ફળતાનો ડર બિલકુલ લાગતો નથી. મને એ વાતનો ડર નથી કે લોકો મને કહેશે કે તારી ફિલ્મ સાવ કચરો છે, કે મારું કામ સાવ વાહિયાત છે. ઠીક છે. આ સમગ્ર સફરનો એક ભાગ છે. એક કલાકાર તરીકે તમે દર વખતે નિષ્ફળ હોઈ શકો છો. આપણે એ સહજતાથી લેવાની જરૂર છે. આપણે સફળ જઈએ એનાં કરતાં નિષ્ફળ વધુ જતાં હોઈએ છીએ." આ વાત એક્ટિંગની કારકિર્દીમાં અનિશ્ચિતતાઓ સામે ટકી રહેવાની તેની સહજ આદત દર્શાવે છે.ભારતમાં ટૂંક સમયમાં રજૂ થનારી તેની ફિલ્મ 'સિસ્ટર મિડનાઈટ'થી કરન રંધારી ડિરેક્શનમાં ડેબ્યુ કરશે. તેમાં રાધિકા ઉમાના રોલમાં જોવા મળશે, જે મુંબઈના એક નાના વિસ્તારમાં લગ્ન જીવનના પડકારો સામે ટકી રહેવા મથે છે. આ ફિલ્મમાં અશોક પાઠક, છાયા કદમ, સ્મિતા તાંબે અને નવ્યા સાવંત પણ છે. આ ફિલ્મ આ વર્ષના બાફ્ટા એવોર્ડમાં બ્રિટિશ ડેબ્યુ તરીકે નોમિનેટ થઈ હતી. ૭૭મા કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ તેની ઘણી ચર્ચા થઈ હતી. જ્યાં તેને ગોલ્ડન કેમેરા એવોર્ડ માટે નોમિનેશન મળ્યું હતું.

### હેરા ફેરી વિવાદ પર પરેશ રાવલે કહ્યું

# 'હેરા ફેરી 3'ની સ્ક્રિપ્ટ મળી જ નથી, તો નુકસાન કઈ રીતે?

પરેશ રાવલે 'હેરા ફેરી ૩' અચાનક છોડી દીધી ત્યારથી વિવાદ શરૂ થયો છે. ત્યારે હવે આ મુદ્દે નવો વળાંક આવ્યો છે. હવે આ મુદ્દામાં અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ સાથે પરેશ રાવલની લીગલ ટીમની પણ એન્ટ્રી થઈ છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પરેશ રાવલના વકીલે જણાવ્યું કે, પરેશ રાવલને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કે તેમના બેનર તરફથી ક્યારેય આ ફિલ્મી સ્ક્રિપ્ટ કે પછી ફિલ્મનું કોઈ નોંધપાત્ર કન્ટેન્ટ મળ્યું નથી.જેના આધારે પ્રોડક્શન હાઉસની ટીમે તેમને થયેલા નુકસાનની ગણતરી કરી છે, તેના પર પણ પરેશ રાવલની લીગલ ટીમે પ્રશ્ન ઉઠાવ્યા છે. તેમના મતે પરેશ રાવલને કોઈ પ્રકારની સામગ્રી, સ્ક્રિપ્ટ કે એગ્રીમેન્ટ મળ્યાં જ નથી. તાજેતરના અહેવાલો અનુસાર પરેશ રાવલની લીગલ ટીમ દ્વારા અક્ષય કુમાર, પરેશ રાવલ, પ્રિયદર્શન અને સુનિલ શેટ્ટીને મૂળ ફિલ્મના પ્રોડ્યુસર ફિરોઝ નડિયાદવાલા તરફથી લીગલ નોટીસ મોકલવામાં આવી છે. એ નોટીસ મુજબ આ ચારમાંથી કોઈ પણ હેરા ફેરી ળેન્ચાઈઝી સાથે જોડાયેલી કોઈ પ્રકારના પ્રોમોસ એન્ડોર્સમેન્ટ અને પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં. આ નાટીસ મુજબ આ પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિમાં જોડાનાર વ્યક્તિએ ઈરાદાપૂર્વક ખંડન કર્યું ગણાશે, કારણ કે બાબુ ભૈયાના પાત્ર સહીત દરેક પાત્રના અધિકારો નડિયાદવાલા પાસે છે.સુત્રોએ એવું પણ કહ્યું હતું, કે અક્ષય કુમારે પરેશ રાવલને કહ્યું હતું,"ચિંતા ન કરો, મારા પર વિશ્વાસ રાખો. તમને પાછળથી એક લાંબુ એગ્રીમેન્ટ મળી જશે." આ વિશ્વાસના આધારે અને તેમના લાંબા સમયાના સંબંધને આધારે પરેશ રાવલે સંબંધને ખાતર ફિલ્મ સાઈન કરી હશે. તેમની ફિલ્મ 'ભૂતબંગલા'ના સેટમાં ફેરફાર કરીને જ 'હેરા ફેરી ૩'નો પ્રોમો પણ બનાવવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ ફિલ્મનું કામ ૨૦૨૬માં શરૂ થવાનું હતું, ત્યારે પરેશ રાવલે એવું સૂચન પણ કર્યું હતું કે પ્રોમો શૂટ આવતા વર્ષે કરવું જોઈએ. હાલની સ્થિતિએ પરેશ રાવલને એગ્રીમેન્ટ, સ્ક્રિપ્ટ કે પ્રોડક્શનની માહિતી મળી નથી.એવા પણ અહેવાલો છે કે અક્ષય કુમાર બાબુરાવ ગણપતરાવ આપ્ટેના પાત્રને પ્રેમ કરે છે અને તે બાબુભૈયા તરીકે જાણીતા છે, ફિલ્મ 'ભૂતબંગલા'ના સેટમાં ફેરફાર કરીને જ 'હેરા ફેરી ૩'નો પ્રોમો પણ બનાવવામાં આવ્યો હતો તેથી તે ફિલ્મ શરૂ થાય એ પહેલાં અમુક સ્પષ્ટતાઓ ઈચ્છે છે. લીગલ ટીમે જણાવ્યું, "એમણે સ્ટોરી, સ્ક્રિનપ્લે અને એગ્રીમેન્ટની નકલ, જે કોઈ પણ ક્લાયન્ટ માટે પ્રાથમિક બાબતે છે, તે જ હજુ સુધી પુરી પાડી નથી. આ વસ્તુઓ મળી નથી અને મૂળ ફિલ્મના પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલાએ ફિલ્મ બનાવવા માટે નોટીસ આપી છે, તો અમારા ક્લાયન્ટે ફિલ્મ છોડવાનું પસંદ કર્યું અને પૈસા વ્યાજ સાથે પાછા આપી દીધા."આ અંગે સુત્રએ જણાવ્યું, "પરેશ રાવલે ૧૫ ટકા વ્યાજ સાથે ૧૧ લાખ જેટલી રકમ પાછી આપી દીધી હતી, આ ફિલ્મથી દૂર જતાં તેમણે વધારાની રકમ પણ આપી છે. પરેશ રાવલને સાઈનિંગ અમાઉન્ટ તરીકે ૧૧ લાખ મળ્યા હતા. તેઓ કુલ ૧૫ કરોડ ફી પેટે લેવાના હતા. ટીમ શીટમાં જણાવાયું હતું કે તેમને બાકીને ૧૪.૮૯ કરોડ ફિલ્મ રિલીઝના એક મહિના પછી મળી જશે."આ મુદ્દે પ્રશ્નો અને વિવાદોથી કંટાળીને રવિવારે પરેશ રાવલે એક ટ્વીટ કરી હતી. તેણે લખ્યું હતું, "મારા વકીલ, અમીત નાઈક, એ મારા યોગ્ય રીતે ફિલ્મ છોડવા અને કરાર તોડવા અંગે યોગ્ય પ્રતિભાવ મોકલી દીધો છે. એક વખત એ લોકો મારો પ્રતિભાવ વાંચશે તો તેમની બધી જ તકલીફોનો અંત આવી જશે."



# હોરર ફિલ્મથી ડેબ્યુ કરી શકી ન હોત : અદા શર્મા

## બોલિવૂડમાં નેપોટીઝમ-ફિલ્મ પરિવારમાંથી આવતા ફાયદા-ગેરફાયદા અંગે વારંવાર ચર્ચાઓ થતી જ રહે છે

બોલિવૂડમાં નેપોટીઝમ અને ફિલ્મ પરિવારમાંથી આવતા ફાયદે-ગેરફાયદા અંગે વારંવાર ચર્ચાઓ થતી જ રહે છે. ત્યારે અદા શર્માએ હવે આ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. અદાએ અનોખો દૃષ્ટિકોણ રજૂ કરતાં કહ્યું, "જો હું ફિલ્મ પરિવારમાંથી આવતી હોત તો એમણે મને લૉંચ કરવા માટે કોઈ પરફેક્ટ ફિલ્મની રાહ જોઈ હોત. મારી ફિલ્મ ફેમિલીએ મને હોરર ફિલ્મ ન કરવા દિધી હોત. બોલિવૂડમાં નેપોટીઝમ અને ફિલ્મ પરિવારમાંથી આવતા ફાયદા-ગેરફાયદા અંગે વારંવાર ચર્ચાઓ થતી જ રહે છે કાળા દાંત અને વળગાડ સાથે ફિલ્મ કૅરીઅરની શરૂઆત કોણ કરે? મારામાં કોઈ જાણીતી હસ્તીનું ડીએનએ હોત તો મારી પાસે કોઈ રમેન્ટિક ફિલ્મ કરવાનો વિકલ્પ હોત. પરંતુ મારી પાસે એવી કોઈ તક નહોતી. મેં ૧૯૨૦થી કૅરીઅરની શરૂઆત કરેલી અને હું મારી જાતને તેના માટે નસીબદાર માનું છું. મેં જ્યારે પણ કંઈ વિચિત્ર કર્યું ત્યારે દર્શકોએ મને સ્વીકારી છે અને તેથી જ કદાચ ફિલ્મ મેકર્સમાં પણ મને અલગ અલગ રોલમાં કાસ્ટ કરવાની હિંમત કરી શક્યા છે."અદા હવે આવનારી ફિલ્મમાં એક દેવીનો રોલ કરવાની છે. તેના માટે કોઈ પણ પાત્રને વાસ્તવિક અને વિશ્વાસપાત્ર બનાવવું એ જ સફળતાની વ્યાખ્યા છે. તેણે કમાન્ડો ળેન્ચાઈઝીની ફિલ્મમાં એક્શન પણ કરી છે. છેલ્લે તેણે ધ કેરાલા સ્ટોરી ફિલ્મ કરી હતી. અદાએ કહ્યું, "કેરાલા સ્ટોરી જોતી વખતે લોકોએ એવું ન કહ્યું, ઓહ, આને તો એક્શન પણ આવડે છે, એ ગુંડાઓને મારતી કેમ નથી? લોકોએ સનફ્લાવરની બીજી સીઝનમાં એક બાર ડાન્સર, રોઝી તરીકે પણ મારા વખાણ કર્યા છે અને બસ્તરઃધ નક્સલ સ્ટોરીમાં આઈપીએસ ઓફિસર તરીકે પણ મારા વખાણ થયા છે. હું નસીબદાર છું કે મારી કૅરીએર જેવી છે એવી ચાલી છે."



# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અમદાવાદ એરપોર્ટ ખાતેથી ભાવસભર વિદાય અપાઈ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાવસભર વિદાય આપી



। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતનો બે દિવસીય પ્રવાસ પૂર્ણ કરી આજે દિલ્હી જવા રવાના થયા હતા. અમદાવાદ એરપોર્ટ ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભાવસભર વિદાય આપી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનોહરલાલ તથા કેન્દ્રીય મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ, પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદ શહેરનાં મેયર શ્રી પ્રતિભાબહેન જૈન, રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, જીએડીના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, એર માર્શલ શ્રી નાગેશ કપૂર, મેજર જનરલ શ્રી ગૌરવ બગ્ગા, અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક, ચીફ પ્રોટોકોલ ઓફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, અમદાવાદ કલેકટર શ્રી સુજીત કુમાર સહિત વરિષ્ઠ અધિકારીઓ અને અફસરોએ પણ વડાપ્રધાનશ્રીને ભાવસભર વિદાય આપી હતી.

### ગ્રાહકને નાસ્તો પ્લેટમા નહીં પણ કાગળમાં આપવામાં આવે છે

# ઝાલોદ નગરની નાસ્તા હાઉસો પર ગ્રાહકને પૂરતી સેવા ન અપાતા ગ્રાહકોમાં રોષ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરમા આવેલ અમુક નાસ્તા હાઉસની દુકાનોમાં ગ્રાહકોને નાસ્તો પ્લેટમા નહીં પરંતુ કાગળમા આપવામાં આવે છે આ અંગે ઝાલોદ નગરપાલિકાને પણ સમાચાર માધ્યમ થી ખબર પડતાં આવા દુકાન દારો પાસેથી બે ત્રણ વખત દંડ પણ લેવામાં આવેલ છે છતાંય આવા દુકાનદારો પોતાની આપખુદશાહી ચલાવી રહેલ છે. જો ગ્રાહક પ્લેટમા નાસ્તો માંગે તો તેને સ્પષ્ટ ના કહી દે છે તેમજ અવારનવાર કોઈ ગ્રાહક આવી નાસ્તાની પ્લેટ માંગે તો તેઓ દાદાગીરી કરી કહે છે અમને પોસાતુ નથી તેમ કહે છે. વારંવાર નગરપાલિકા આવા દુકાનદારો પર દંડ લે પણ છે તો પણ અમુક દુકાનદારો તો કોઈનો ડર ન હોય તેમ લુખ્ખી દાદાગીરી ગ્રાહક સાથે કરતા રહે છે. આવી લુખ્ખી દાદાગીરી તેમજ ગ્રાહક સેવા ન આપનાર આવા નાસ્તા હાઉસ સંચાલકો પર પાલિકા તંત્ર ઠોસ પગલા લે તેવી માંગ ઉઠવા પામી છે.

# મન હોય તો માળવે જવાય અને દ્રઢ નિશ્ચય હોય તો અસામાન્ય સાહસ થકી સફળતા મેળવી શકાય એ બાબતને ચરિતાર્થ કરતાં શ્રી શીલકુમાર

## ૧૭,૩૦૦ ફૂટ ઊંચા હિમાલય પર્વતમાળાના પીરપંજાલ શ્રેણીના શિખર પર "No Drugs Campoaign"ના સંદેશા સાથે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના DILR અધિકારી શીલકુમાર પટેલે લહેરાવ્યો તિરંગો




। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

આજે યુવા વર્ગમાં વ્યસનનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના એક DILR અધિકારીશ્રીએ નશા વિરોધી અભિયાનમાં સમાજમાં જાગૃતતા લાગવા Invincible NGO સાથે મળીને ૧૭,૩૦૦ ફિટ ઊંચાઈની "માઉન્ટ ફ્રેન્ડશીપ" પિક અન્ય ૧૪ યુવાનોની ટીમ સાથે મળીને સર કરી છે. ખૂબ દુર્ગમક્ષેત્ર અને અસામાન્ય વાતાવરણની વચ્ચે આ પિક સર કરવી અત્યંત કઠિન હતી, છતાં ટીમે હાર માન્યા વગર આ ઊંચાઈ પર રાષ્ટ્રી ધ્વજ લહેરાવ્યો છે. Invincible NGO ની સ્પોન્સરશિપ તથા શારીરિક - માનસિક તાલીમથી આ ટીમે No Drugs Campaign તથા પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃતિઓની જાગૃતિ ખાસ કરીને યુવા વર્ગમાં ફેલાવવા માટે આ આખુ સાહસ ખેડ્યું હતું, જેમાં રાત્રે ૧૨:૩૦ કલાકે એડવાન્સ બેઝકેમ્પથી શરૂ થયેલી યાત્રા સવારે ૯:૦૦ વાગ્યે સફળતા પૂર્વક પૂર્ણ થઈ હતી. વ્યસનમુક્તિના ઉમદા સંદેશ સાથે યોજાયેલી આ યાત્રા થકી દેશની યુવાપેઢીને જાગૃત કરવાનો હેતુ છે.

# સ્વચ્છ રાજકોટ, પ્લાસ્ટિક મુક્ત રાજકોટ સામાજિક વનીકરણ રેન્જ અને મોજીરા ગ્રામજનો મોજીરા નદીને સ્વચ્છ રાખવા કટિબદ્ધ થયા

## સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા શપથ લીધા




। (માહિતી) રાજકોટ, તા.૨૭ ।

સ્વચ્છ રાજકોટ, પ્લાસ્ટિક મુક્ત રાજકોટ અભિયાનને સફળ બનાવવા લોકો જન અભિયાન રૂપે જોડાઈ રહ્યાં છે. ત્યારે સામાજિક વનીકરણ રેન્જ, ઉપલેટા તેમજ સામાન્ય વન વિભાગ દ્વારા મોજીરા નદી વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતુ. વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત મોજીરા ગામે મોજ ડેમ પાસે મોજીરા નદી વિસ્તારમાં સફાઈ અભિયાનમાં ગામના આગેવાનો તેમજ ગ્રામજનો દ્વારા મોજ નદી કાંઠા વિસ્તારમા પ્લાસ્ટિક તેમજ કચરો એકઠો કરાયો હતો.

આ ઉપરાંત સામાજિક વનીકરણ વિભાગ દ્વારા લોકોને પ્લાસ્ટિકથી થતા નુકશાન વિશે સમજ આપવામાં આવી હતી. આ તકે સૌએ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનાં શપથ લીધા હતા.

# અમરેલી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાઉન્ટ ડાઉન યોગ શિબિર સંપન્ન



। (માહિતી) અમરેલી, તા.૨૭ ।

મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અન્વયે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અમરેલી ખાતે મેદસ્વિતા મુક્ત ગુજરાત અને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાઉન્ટ ડાઉન યોગ શિબિર" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી ખાતે યોજાયેલ આ યોગ શિબિરમાં આશરે ૩૦૦ જેટલા નાગરિકોએ ભાગ લીધો હતો.

યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ઝોન-૦૬ ના ઈન્સ્પેકશન કો-ઓર્ડિનેટર શ્રી રિદ્ધિબેન દ્વારા યોગાભ્યાસ કરાવવામાં આવ્યો. મેદસ્વિતા દૂર કરવા યોગ અને પ્રાણાયામનો અભ્યાસ કેટલો મહત્વનો છે તે સમજાવવામાં આવ્યું. અમરેલી જિલ્લા કો-ઓર્ડિનેટર તથા યોગ કોચ, યોગ ટ્રેનર દ્વારા યોગ અમરેલી જિલ્લામાં વધુમાં વધુ નિઃશુલ્ક યોગ વર્ગો શરુ થઈ શકે તે માટે પ્રયત્નો શરુ છે. ગુજરાત રાજય સરકારના રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા "ગુજરાત રાજય યોગ બોર્ડ"ની રચના કરવામાં આવી છે. સમગ્ર ગુજરાત રાજયમાં યોગનો વ્યાપ વધે, વધુમાં વધુ નાગરિકો યોગ કરતા થાય અને સમગ્ર ગુજરાત માં યોગ માટે યોગ્ય માર્ગદર્શન મળે, નાગરિકો નિરોગી રહે તેઓ સ્વસ્થ જીવનશૈલી અપનાવી વધુ સારુ અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત થાય તે યોગ બોર્ડનો મુખ્ય હેતુ છે. જિલ્લાના નાગરિકોને આ નિઃશુલ્ક યોગ વર્ગમાં જોડાવવા અને યોગને પોતાની જીવનશૈલીનો મહત્વનો ભાગ બનાવવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અનુરોધ છે.

# ‘૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન’ ની ઉજવણી સંદર્ભે સાપુતારા ખાતે પ્લાસ્ટિક પ્રદૂષણ મુક્ત રેલી યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૨૭ ।

ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે ‘૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન’ ની ઉજવણી નિમિત્તે વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણ દુર થાય અને લોકોમાં પર્યાવરણ અંગે જાગૃકતા આવે તે માટે તા. ૨૨ મે થી ૫ મી જૂન દરમિયાન પ્લાસ્ટિક સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે ‘૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિન’ ની ઉજવણી નિમિત્તે વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણ દુર થાય અને લોકોમાં પર્યાવરણ અંગે જાગૃકતા આવે તે માટે તા. ૨૨ મે થી ૫ મી જૂન દરમિયાન પ્લાસ્ટિક સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે વલસાડ ડાંગનાં સાંસદ શ્રી ધવલભાઈ પટેલનાં અધ્યક્ષ સ્થાને પ્લાસ્ટિક પ્રદુષણ મુક્ત રેલી યોજી પર્યાવરણને પ્રદુષણ મુક્ત બનાવવાનો સંકલ્પ કરાયો હતો.

આ પ્રસંગે લોકસભાનાં દંડક વ વલસાડ - ડાંગનાં સાંસદ શ્રી ધવલ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદી દ્વારા પર્યાવરણ બચાવવા શરુ કરાયેલા અભિયાનો ‘એક પેડ માં કે નામ’ અને ‘સ્વછતા અભિયાન’ ને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. ત્યારે વિશ્વને પ્રદુષણ મુક્ત બનાવવાનાં પ્લાસ્ટિક પ્રદુષણ મુક્ત અભિયાનને વ્યાપકપણે ઝુંબેશરૂપે ઉપાડી લઈને તમામ લોકોને પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવાની અપીલ કરી હતી. ડાંગ જિલ્લો પ્રાકૃતિક ખેતી માટે જાણીતો છે ત્યારે પ્રાકૃતિક ખેતી સાથે પ્લાસ્ટિક મુક્ત જિલ્લો બનાવીએ અને ખાસ કરીને ગિરિમથક સાપુતારામાં પણ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવામાં આવે તે માટે હોટેલ એસોસિએશન અને પ્રવાસીઓને પ્લાસ્ટિકનું પ્રદુષણ દૂર કરવા સંકલ્પ લેવા પણ તેમણે આહવાન કર્યું હતું. પ્લાસ્ટિકમાંથી બનાવવામાંઆવેલ વસ્તુઓને નકારી પ્રકૃતિમાંથી બનાવેલ વસ્તુઓનો ઉપયોગ કરવા સાંસદશ્રીએ તમામ લોકોને અપીલ કરી હતી. સમગ્ર ડાંગ જિલ્લાને પ્લાસ્ટિક મુક્ત કરવાનો સંકલ્પ લેવાનું આહવાન કરતાં વિધાનસભા નાયબ દંડક વ ડાંગનાં ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્લાસ્ટિક મુક્ત ગામ બનશે તો ગ્રામ પંચાયત, તાલુકા અને જિલ્લા સહિત દેશ અને વિશ્વ સ્વચ્છ બનશે. વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ સ્વછતા અભિયાનને લોકોનો વ્યાપક સહયોગ મળ્યો છે ત્યારે પ્લાસ્ટિક મુક્ત અભિયાનને પણ વેગવંતો બનાવી સ્વૈચ્છિક રીતે આ અભિયાનમાં જોડાવા શ્રી પટેલે લોકોને અપીલ કરી હતી. દરમિયાન પોલીસ બેન્ડની સુરાવલીઓ સાથે સાપુતારા નોટિફાઈડ કચેરીથી એક જન જાગૃતિ રેલી લેકવ્યું હોટેલથી સાપુતારા મુખ્ય સર્કલ સુધી પહોંચી હતી. રેલીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, સિંગલ યુઝ પ્લાસ્ટિકના બદલે ટકાઉ વસ્તુઓનો ઉપયોગ કરવો, ખરીદી માટે પ્લાસ્ટિકની થેલીઓના બદલે કાપડની થેલીઓનો ઉપયોગ કરવો, પેકેજિંગ પ્લાસ્ટિકનો પુનઃ ઉપયોગ કરવો, પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરવા અંગે પોસ્ટર અને બેનર્સ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યાં હતાં. આ રેલી દ્વારા પ્રવાસીઓમાં અને સ્થાનિક લોકોમાં પ્લાસ્ટિક પ્રદૂષણ દુર કરવાના સંદેશાને ગુંજતો કરાયો હતો. દરમિયાન પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ બનાવી રાખવા શપથ પણ લેવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા આ વર્ષે ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે "વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" ની થીમ નક્કી કરવામાં આવી છે. આ થીમ અંતર્ગત ડાંગ જિલ્લામાં શાળાના વિદ્યાર્થીઓ, કોલેજ, શૈક્ષણિક સંસ્થાઓ સાથે તમામ સરકારી કચેરીઓ, ગ્રામ્ય કક્ષાએ ગ્રામ પંચાયત, સખી મંડળો, ખેડુત સહકારી મંડળીઓ, વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ વિગેરેમાં સેમિનાર રેલીઓ યોજી વ્યાપકપણે પ્લાસ્ટિકથી થતાં પ્રદૂષણ અંગે લોકોમાં જાગૃકતા લાવવાના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, સિંગલ યુઝ પ્લાસ્ટિકના બદલે ટકાઉ વસ્તુઓનો ઉપયોગ કરવો, પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરવો, વૃક્ષો વાવવા, પર્યાવરણને પ્રદૂષણ મુક્ત બનાવવા અંગે લોકોમાં જાગૃકતા ફેલાવાઈ રહી છે. આ રેલીમાં લોકસભા દંડક વ વલસાડ-ડાંગનાં સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, વિધાનસભા નાયબ દંડક વ ડાંગનાં ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ ગાવિત સહિત, ડાંગ જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાન, દક્ષિણના નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ, પ્રાંત અધિકારી સુશ્રી કાજલ આંબલિયા, આહવા મામલતદાર શ્રી યોગેશ ચૌધરી, સહિતના કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયત શાખાના તમામ અધિકારી/કર્મચારીઓ, વન કર્મીઓ, સુરક્ષા કર્મીઓ, સાપુતારા નોટિફાઈડ કચેરીનો તમામ સ્ટાફ, સાપુતારા હોટેલ એસોશિએસનના પ્રમુખ અને સભ્યો, વિદ્યાર્થીઓ તેમજ પ્રવાસીઓ આ રેલીમાં જોડાયા હતા.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત જિલ્લાભરમાં પ્લાસ્ટિક વેસ્ટ એકઠો કરવાનું અભિયાન

## બાબરા સામાજિક વનીકરણ રેન્જ દ્વારા પ્લાસ્ટિકનું પ્રદૂષણ અટકાવવા માટે જનજાગૃતિ પ્રસરાવવામાં આવી



। (માહિતી) અમરેલી, તા.૨૭ ।

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ અંતર્ગત સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૨૨ મે, ૨૦૨૫ થી તા.૫ જૂન, ૨૦૨૫ સુધી "Ending Plastic Pollution Globally" થીમ લોકજાગૃત્તિના અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગના પ્રયાસોથી ગ્રામ્ય વિસ્તારોમાં પ્લાસ્ટિક વેસ્ટ (કચરો) એકઠો કરવાનું અભિયાન શરુ છે. બાબરા સામાજિક વનીકરણ રેન્જ દ્વારા બાબરા ગ્રામ્ય વિસ્તાર અને વડલીવાળા શ્રી મેલડીમાતા મંદિર પરિસર અને તેની આસપાસના વિસ્તારમાં ‘પ્લાસ્ટિક ફ્રી કેમ્પસ ડ્રાઈવ’ અંતર્ગત પ્લાસ્ટિક કચરો એકઠો કરવામાં આવ્યો હતો.

બાબરા સામાજિક વનીકરણ રેન્જ દ્વારા બાબરાની સામાજિક વનીકરણ રેન્જ સહિતના વિવિધ વિસ્તારોમાં વનવિભાગના કર્મયોગીશ્રીઓ દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ એકત્ર કરીને તેનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્વચ્છતા જાળવવા અને પાણી બચાવવા ઉપરાંત સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી પર્યાવરણની જાળવણી કરવા અંગે જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી.

# સામાખ્યાળી-ગાંધીધામ સેક્શનના ભીમાસર સ્ટેશન પર નોન ઈન્ટરલોકિંગ કામને લીધે કેટલીક ટ્રેનો રદ રહેશે

। અમદાવાદ, તા.૨૭ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર સામાખ્યાળી-ગાંધીધામ સેક્શનના ભીમાસર સ્ટેશન પર AFTPL સાઈડિંગની નૉન ઈન્ટરલોકિંગ કનેક્ટિવિટીના કમીશનીંગ કામ માટે બ્લોકને લીધે કેટલીક ટ્રેનો રદ રહેશે. જેની વિગતો નીચે પ્રમાણે છે :

**રદ ટ્રેનો**

૧. ૨૯ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ

૨. ૩૦ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૯૪૮૦૨ ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ

૩. ૨૮ અને ૨૯ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૨૪૮૩ જોધપુર-ગાંધીધામ એક્સપ્રેસ

૪. ૨૯ અને ૩૦ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૨૪૮૪ ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ

૫. ૨૯ અને ૩૦ મે ૨૦૨૫ ની ટ્રેન નં. ૧૯૪૦૬/૧૯૪૦૫ ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ

૬. ૨૯ અને ૩૦ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૦૯૪૪૬/૦૯૪૪૫ ભુજ-રાજકોટ-ભુજ સ્પેશિયલ

ટ્રેનોના સંચાલન સમય, રોકાણ અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે.

**સિંહ (મ,ટ) :**

આજે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. તમારા પ્રિયપાત્રની વફાદારી પર શંકા ન કરતા. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**તુલા (ર,ત) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે, જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**

આજે જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો, પરંતુ કોઈ મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે આ યોજના સફળ નહીં થાય.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમને વધુ સારા બનાવતા તમારી સુધારણાને લગતા પ્રૉજેક્ટ્સમાં શક્તિ લગાડો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. તમારો રૉમેન્ટિક સંબંધ આજે મુશ્કેલીમાં આવશે.

## ન્યૂઝ બ્રિફ

### IPLમાં પંજાબ મોખરે પહોંચી ગયું, મુંબઈ ઈન્ડિયન્સ સામે ભવ્ય વિજય

। (એજન્સી) લખનૌ, તા.૨૭ ।

પ્રિયાંશ આર્યા અને જોશ ઈંગ્લિસની આક્રમક અને અડિખમ બેટિંગની સહાયથી પંજાબ કિંગ્સે સોમવારે રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે સાત વિકેટથી વિજય હાંસલ કરીને પોઈન્ટ ટેબલમાં મોખરાનું સ્થાન હાંસલ કરી લીધું હતું. આમ તે હવે ક્વોલિફાયર-૧માં રમશે તે નિશ્ચિત થઈ ગયું છે. આ વિજય સાથે પંજાબના ૧૯ પોઈન્ટ થયા છે અને તેના કરતાં આગળ કોઈ નીકળી શકે તેમ નથી.અહીં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં મુંબઈ ઈન્ડિયન્સે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં પંજાબ કિંગ્સે ૧૮.૩ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. મેચ જીતવા માટે ૧૮૫ રનના ટારગેટ સામે રમતાં પંજાબ કિંગ્સે પહેલી વિકેટ તો પાંચમી ઓવરમાં જ ગુમાવી દીધી હતી પરંતુ ત્યાર બાદ ઓપનર પ્રિયાંશ આર્યા અને જોશ ઈંગ્લિસે ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી. બંનેએ ૬૧ જ બોલમાં ૧૧૧ રનની ભાગીદારી નોંધાવી દીધી હતી. પ્રિયાંશ આર્યા બંનેમાં પહેલો આઉટ થયો હતો. તેણે માત્ર ૩૫ બોલમાં બે સિક્સર અને નવ ચોગ્ગા સાથે ૬૨ રન ફટકાર્યા હતા.જોશ ઈંગ્લિસે આક્રમક બેટિંગ કરવાની સાથે સાથે મુંબઈના ખ્યાતનામ બોલર્સનો સાવચેતીપૂર્વક સામનો કર્યો હતો. તેણે ૪૨ બોલમાં ત્રણ સિક્સર અને નવ ચોગ્ગા સાથે ૭૩ રન ફટકાર્યા હતા. અગાઉ પંજાબે ટોસ જીત્યા બાદ મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરી હતી. રાયન રિકેલ્ટન અને રોહિત શર્માએ ઝડપી બેટિંગ તો કરી હતી પરંતુ લાંબી ઈનિંગ્સ રમી શક્યા ન હતા.

### મરજી પૂર્વકના શારીરિક સંબંધો તૂટવા ફોજદારી ગુનાનું કારણ નહીંઃ સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

એક મહત્વપૂર્ણ અવલોકન આપતાં સુપ્રીમે જણાવ્યું છે કે પરસ્પર સંમતિ સાથેના સંબંધોમાં કડવાશ આવે કે પાર્ટનર્સ દૂર થઈ જાય તો તે ફોજદારી ગુનો દાખલ કરાવવા માટેનું કારણ ન બની શકે અને આવા કૃત્યોથી કોર્ટોનો બોજ તો વધશે જ, તેની સાથે સાથે આરોપીની ઓળખને પણ કાળી ટીલી લાગશે. મહારાષ્ટ્રમાં લગ્નના ખોટા વચન આપીને એક મહિલા સાથે કથિતરીતે બળાત્કારનો કેસ રદ કરતાં સુપ્રીમે આ તારણો કાઢ્યા હતા. આ મહિલાએ જુલાઈ ૨૦૨૩માં આ પુરુષ સામે ગુનો નોંધાવ્યો હતો. જસ્ટિસ બી વી નાગરત્ન અને જસ્ટિસ સતીષ ચંદ્ર શર્માની બેન્ચે નોંધ્યું હતું કે એફઆઈઆરમાં કરાયેલા આરોપો હકીકત તરીકે ધ્યાનમાં લેવાય તો પણ રેકોર્ડ પરથી એવું લાગતું નથી કે ફરિયાદીની સંમતિ તેની ઈચ્છા વિરુદ્ધ અને ફક્ત લગ્ન કરવાની ખાતરી પર મેળવવામાં આવી હતી.બેન્ચે ઉમેર્યું હતું કે 'અમારો એવો અભિપ્રાય છે કે આ મામલો એવો નથી કે જેમાં શરૂઆતથી જ લગ્ન કરવાનું ખોટું વચન હોય. પરસ્પર સંમતિથી બંધાયેલા સંબંધોમાં કડવાશ ઊભી થાય કે પાર્ટનર્સ છૂટા પડે તો તેનાથી ફોજદારી ગુનો લાગુ પાડવા માટેનો કેસ બની ન શકે.'આવા આચરણથી કોર્ટોનો બોજ વધશે સાથે સાથે આવા જઘન્ય ગુનાના વ્યક્તિગત આરોપીની ઓળખને પણ કાળી ટીલી લાગશે તેમ જણાવતાં બેન્ચે ઉમેર્યું હતું કે સુપ્રીમ પાસે સમય છે. જોકે તેની સાથે સાથે સુપ્રીમે વારંવાર જોગવાઈઓના દુરુપયોગ સામે ચેતવણી આપી છે અને લગ્ન કરવાના દરેક વચન ભંગને ખોટા વચન તરીકે ગણવા અને બળાત્કારના ગુના માટે વ્યક્તિ પર કેસ ચલાવવાને ''મૂર્ખતા'' ગણાવી છે.સતારામાં એક મહિલાએ કરેલી ફરિયાદ પર સુનાવણી કરતાં કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. જોકે આ કેસમાં મહિલાએ કબૂલાત કરી હતી કે તેમને અનેક વખત વાત કરી છે અને પ્રેમમાં પડ્યા હતા.

### ટ્રમ્પની ફરી પલટી, જુલાઈ સુધી યુરોપિયન દેશોને ૫૦ ટકા ટેરિફમાં રાહત

# ટ્રેડ ડીલ માટે USનું પ્રતિનિધિમંડળ જૂન મહિનામાં ભારત આવશે

### ૯ જુલાઈ સુધી ભારત-અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર કરવાના ઉદ્દેશ સાથે પ્રતિનિધિઓ વચ્ચે વાટાઘાટો થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

યુએસ અને ભારત વચ્ચે વચગાળાના વેપાર કરારને સાકાર કરવાના હેતુથી અમેરિકી પ્રતિનિધિ મંડળ આગામી સપ્તાહોમાં ભારતની મુલાકાત લે તેવી શક્યતા છે. ૯ જુલાઈ સુધીમાં વચગાળાના વેપાર કરાર કરવા માટે બંને દેશ સંમત થયા છે ત્યારે આ દિશામાં નક્કર પ્રગતિ સાધવાના હેતુથી અમેરિકાના અધિકારીઓની ટીમ ભારતમાં આવશે.




યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફની નીતિ અંતર્ગત ભારતના ઘરેલુ સામાન પર ૨૬ ટકા ટેરિફ લાગુ કરી છે અને તેમાં સંપૂર્ણ રાહત મેળવવાનું ભારત સરકારનું લક્ષ્ય છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર સંદર્ભે વાટાઘાટો ઝડપી ગતિએ આગળ વધી રહી છે. ભારતના ચીફ નેગોશિએટર અને વાણિજ્ય મંત્રાલયના સચિવ રાજેશ અગ્રવાલે પ્રતિનિધિ મંડળ સાથે અમેરિકાની ચાર દિવસની મુલાકાત લીધી હતી. તેઓ ગત સપ્તાહે પરત ફર્યા હતા. ગત સપ્તાહે ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયુષ ગોયલ વોશિંગ્ટનમાં હતા અને અમેરિકાના કોમર્સ સેક્રેટરી હોવર્ડ લ્યુટનિકને બે વખત મળ્યા હતા. અમેરિકાએ બીજી એપ્રિલે ભારતીય સામાન પર ૨૬ ટકા ટેરિફ ઝીંકી હતી, પરંતુ બાદમાં આ નિર્ણયને ૯૦ દિવસ એટલે કે ૯ જુલાઈ સુધી મુલતવી રખાયો હતો. આમ છતાં, ભારતીય સામાન પર અમેરિકા હજુ ૧૦ ટકા ટેરિફ વસૂલી રહ્યું છે. અમેરિકી સંસદમાં ભારતને મોસ્ટ ફેવર્ડ નેશનનો દરજ્જાને મંજૂરી ન મળે તો પણ ટ્રમ્પ સરકાર રેસિપ્રોકલ ટેરિફમાં રાહત આપી શકે છે.

બંને દેશોએ પ્રથમ તબક્કામાં સપ્ટેમ્બર-ઓક્ટોબર સુધીમાં દ્વિપક્ષી વેપાર કરાર કરવાનો નિર્ણય લીધો છે. જેનો પાયો નાખવા માટે ૯ જુલાઈ સુધીમાં વચગાળાના કરાર કરવાનું લક્ષ્ય છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત પલટી મારી છે. ગત શુક્રવારે ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી અને યુરોપના ૨૭ સભ્ય દેશો પર ૫૦ ટકા ટેરિફની ચીમકી આપી હતી. આ ટેરિફનો અમલ પહેલી જૂનથી થવાનો હતો. યુરોપીયન કમિશનના પ્રમુખ ઉરસુલા વોન ડેર લીએને રવિવારે ટેરિફ બાબતે વાટાઘાટોની ઈચ્છા દર્શાવતા ટ્રમ્પે ૯ જુલાઈ સુધી ૫૦ ટકા ટેરિફનો અમલ નહીં કરવા તૈયારી દર્શાવી છે.

### 'કોફી' અને 'ડીનર' સાથે લઇને દંપતિ સમસ્યાનું સુખદ સમાધાન લાવી શકે

**આ કેસમાં દંપતિ વચ્ચેના મતભેદમાં કોઇ હકારાત્મક ઉકેલ સામે આવી શકે એ વિચારીને સુપ્રીમ કોર્ટે કેસની વધુ સુનાવણી રાખી છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દાંપત્યજીવન, એની તકરારો અને છુટાછેડા સુધી પહોંચતા અનેક દંપતિઓ માટે સુપ્રીમ કોર્ટનો એક સરાહનીય સૂચન કરતો આદેશ સામે આવ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટે છૂટાછેડાના કાનૂની જંગમાં ઉતરેલાં એક દંપતિને એવું કહ્યું છે કે,'કોફીના એક કપ પર ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે, તેમણે સાથે મળીને કોફી પીને અથવા તો ડીનર લઈને પોતાની લગ્નજીવનની સમસ્યાનું સુખદ સમાધાન લાવવું જોઈએ.'એક ખૂબ જ અપવાદ રૂપ કહી શકાય એવી ઘટના સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલા એક કેસમાં બની છે. જેમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.વી. નાગરથના અને જસ્ટિસ સતીષચંદ્ર શર્માની ખંડપીઠ એક માતાએ કરેલી અરજી ઉપર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં ફેશન આંત્રપ્રિન્યોર મહિલાએ તેના ત્રણ વર્ષના બાળકને પોતાની સાથે વિદેશ ટ્રાવેલ પર લઈ જવાની દાદ માગી હતી. અરજીની સુનાવણીમાં ખંડપીઠે એવું મર્મસ્પર્શી સંવાદ અને સૂચન કર્યું હતું કે,'તમારું બાળક માત્ર ત્રણ વર્ષનું છે. તમારી (દંપતિ) વચ્ચે કયો અહમ્ આવી ગયો છે? અમારી કેન્ટિન તો તમારા માટે ઉપયુક્ત નથી. પરંતુ અમે તમને એક ડ્રોઈંગ રૂમ ફાળવીશું. ત્યાં તમે બંને આજ રાત્રે ડીનર માટે ભેગા થાઓ અને ત્યાં કોફીના એક કપ પર તમારી વચ્ચેના સમાધાનનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરો.' એટલું જ નહીં સુપ્રીમની ખંડપીઠે એવી સંવેદનાત્મક ટકોર કરી હતી કે, 'દંપતિએ તેમના વરવા ભૂતકાળને એક કડવી દવાની જેમ ગળી જવી જોઈએ અને ભવિષ્યનો વિચાર કરવો જોઈએ.'આ કેસમાં દંપતિ વચ્ચેના મતભેદમાં કોઈ હકારાત્મક ઉકેલ સામે આવી શકે એ વિચારીને સુપ્રીમ કોર્ટે કેસની વધુ સુનાવણી મંગળવારે રાખી છે. આ મામલે અરજદાર મહિલા તેના બાળક સાથે વિદેશ જવા માંગતી હોવાની રજૂઆત તેમના તરફથી ઉપસ્થિત સિનિયર એડવોકેટે કરી હોવાથી સુપ્રીમ કોર્ટ બંને પક્ષોને એકબીજા સાથે વાતચીત કરીને કોર્ટને આવતીકાલ મંગળવાર સુધી જવાબ આપવા કહ્યું છે.

### દિલ્હીમાંથી પાકિસ્તાન માટે જાસૂસી કરતા CRPFના જવાનની ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ સીઆરપીએફના એક એએસઆઈની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આક્ષેપમાં ધરપકડ કરી છે. આરોપીને પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને કોર્ટે તેને ૬ જૂન સુધી કસ્ટડીમાં મોકલ્યો છે. આ દરમિયાન કેન્દ્રીય અર્ધસૈનિક દળ સીઆરપીએફે પોતાના એએસઆઈ મોતીરામ જાટને સસ્પેન્ડ કર્યો છે. સીઆરપીએફના કહેવા મુજબ, પ્રોટોકોલના ભંગ પછી એએસઆઈને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય એજન્સી સાથેના સમન્વયમાં સીઆરપીએફ કર્મીઓની સોશ્યલ મીડિયા ગતિવિધિ પર નિરંતર દેખરેખ દરમિયાન, એએસઆઈ-જીડી રેન્કનો એક કર્મી નિયત માપદંડો અને પ્રોટોકોલનો ભંગ કરી રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

### રવિવારે રાત્રે રશિયાએ ૩૫૫ ડ્રોન હુમલા કર્યા

# ડોનાલ્ડ ટ્રમ્પે પુતિને પાગલ કહ્યાં બાદ રશિયાએ યુક્રેન પર ડ્રોન હુમલા વધાર્યા

। (એજન્સી) અમેરિકા, તા.૨૭ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ વર્ષથી રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં સમાધાન કરાવવાની જવાબદારી સ્વેચ્છાએ ઉપાડી હતી. ચપટી વગાડતાં જ યુદ્ધ પૂરું કરાવી દેવાની ટ્રમ્પની ડંફાસો બાદ રશિયાએ યુક્રેન પર બોમ્બમારો વધારી દીધો હતો. જેના કારણે ટ્રમ્પે પોતાના સ્વભાવ મુજબ, 'પુતિન પાગલ' થયા હોવાની ટિપ્પણ કરી હતી. ટ્રમ્પની આ ટિપ્પણીનો જવાબ આપતાં પુતિને યુક્રેન પર સૌથી મોટો ડ્રોન હુમલો કરાવ્યો છે. યુક્રેન એરફોર્સના જણાવ્યા મુજબ, રવિવારે રાત્રે રશિયાએ ૩૫૫ ડ્રોન હુમલા કર્યા હતા. શનિવારે રશિયાએ ૨૯૮ ડ્રોન અને ૬૯ મિસાઈલ હુમલા કર્યા હતા. શુક્રવારથી રવિવાર સુધીમાં રશિયાએ યુક્રેન પર ૯૦૦ ડ્રોન હુમલા કર્યા છે. ટ્રમ્પે બે દેશો વચ્ચે ત્રણ વર્ષથી



ચાલી રહેલી લડાઈને પૂરી કરવાના પ્રયાસ આદર્યા છે ત્યારે તેના પર ઠંડુ પાણી ફેરવતા રશિયન પ્રમુખ પુતિને યુક્રેનના વિસ્તારો પર કબજો જમાવવા વધુ આક્રમક હુમલા શરૂ કર્યા છે. અગાઉ માર્ચ મહિનામાં અમેરિકાએ રશિયા-યુક્રેન વચ્ચે ૩૦ દિવસ શસ્ત્ર વિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો. યુક્રેને આ પ્રસ્તાવ સ્વીકારી લીધો હતો, પરંતુ રશિયાએ તેને નકારી દેતાં હવાઈ હુમલા વધાર્યા હતા. રશિયાના હુમલા વચ્ચે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર જણાવ્યુ હતું કે, આ પ્રકારના હુમલા પાછળ કોઈ તાર્કિક કારણ જણાતું નથી.

### સુપ્રીમ કોર્ટમાં એલીવેટ કરવા કોલેજિયમની ભલામણ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ એન વી અંજારિયા, ગૌહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિજય બિશ્નોઈ અને બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ એ એસ ચંદુરકારને સર્વોચ્ચ અદાલતમાં જજ બનાવવા ભલામણ કરી છે. ચીફ જસ્ટિસ બી આર ગવઈના નેતૃત્વ હેઠળ બનેલા પાંચ સભ્યોના કોલેજિયમની બેઠક ૨૬ મેએ યોજાઈ હતી. આ બેઠકમાં પાંચ હાઈકોર્ટના જજને ચીફ જસ્ટિસ પદે નિમણૂક આપવા ભલામણ કરી છે. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ અભય એસ ઓકા અને રિષિકેશ રોયની નિવૃત્તિ બાદ સુપ્રીમ કોર્ટમાં ત્રણ જસ્ટિસની જગ્યા ખાલી પડી હતી. આ ખાલી પડેલી જગ્યા પર નિમણૂક માટે કર્ણાટક અને ગૌહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તથા બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસની ભલામણ કરવામાં આવી છે.



ગાંધીનગરમાં ગુજરાત શહેરી વિકાસ વાર્તાના ૨૦ વર્ષની ઉજવણી માટે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રહ્મોસ મિસાઈલનું મોડેલ પ્રાપ્ત કરતા નજરે પડે છે.

### દેશના કેટલાંક રાજ્યોમાં કોરોનાના કેસોમાં વધારો નોંધાયો

# કોરોનાના નવા વેરિયન્ટ્સ ચિંતાજનક નથીઃ ICMRના વડા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દેશના કેટલાંક રાજ્યોમાં કોરોનાના કેસોમાં વધારો નોંધાયો છે. જોકે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડિરેક્ટર જનરલ ડો. રાજીવ બહેલના જણાવ્યાં અનુસાર, અત્યારે કોરોનાના ચેપની તીવ્રતા અત્યંત મંદ હોવાથી તે ચિંતાજનક નથી.કોવિડના નવા વેરિયન્ટ્સ મળ્યાં હોવા અંગે તેમણે જણાવ્યું હતું કે, દક્ષિણ અને પશ્ચિમમાં નમૂનાના જીનોમ સિક્વન્સિંગમાં એ સ્પષ્ટ થયું છે કે, નવા વેરિયન્ટ્સ બહું ગંભીર નથી અને તે ઓમિક્રોનના પેટાવેરિયન્ટ્સ LF.7, XFG, JN.1 તથા NB. 1.8.1 છે. ઉપરોક્તમાંથી પહેલાં ત્રણ વેરિયન્ટ્સ વધુ જોવા મળી રહ્યાં હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, અન્ય સ્થળોએથી લવાયેલાં સેમ્પલ્સનું સિક્વન્સિંગ કરાઈ રહ્યું છે, જેના પરિણામો બાદ આપણને વધુ વેરિયન્ટ્સ છે કે નહીં તેની જાણ થશે. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાના કેસોમાં વધારાની શરૂઆત દક્ષિણમાં થઈ હતી. ત્યારબાદ પશ્ચિમમાં અને હવે ઉત્તર ભારતમાં કેસો વધ્યાં છે. આ તમામ કેસોનું ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (આઈડીએસપી) દ્વારા નિરીક્ષણ કરાઈ રહ્યું છે.આ ઉપરાંત આઈ. સી. એમ. આરનું રાષ્ટ્રવ્યાપી રેસ્પિરેટરી વાયરસ સેન્ટિનલ સર્વેલન્સ નેટવર્ક નવા ઈન્ફેક્શન્સ અને પેથોજન્સ પર નજર રાખી રહ્યું છે. અમે હાલમાં સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યાં છીએ.

# વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી સંદર્ભે વલસાડ જિલ્લામાં પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત લાવવા અભિયાનનો પ્રારંભ






વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી દર વર્ષે તા. પાંચમી મી જૂને કરવામાં આવે છે. ચાલુ વર્ષની ઉજવણીમાં પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત લાવવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે એટલે જ આ વર્ષે "Ending Plastic Pollution Globally" થીમ રાખવામાં આવી છે. જે અંતર્ગત વલસાડ જિલ્લામાં તા. ૨૨/૦૫/૨૦૨૫ થી વિવિધ પ્રવૃતિઓ ગ્રામ્ય કક્ષાએ અભિયાનરૂપે હાથ ધરવામાં આવી છે. જે અભિયાન તા. ૦૫/૦૬/૨૦૨૫ સુધી ચાલશે.

ગ્રામજનો, ગામના આગેવાનો, પંચાયત સભ્યશ્રીઓ, સરપંચશ્રીઓ અને જિલ્લા તેમજ તાલુકાનાં તમામ કર્મચારીઓને પ્લાસ્ટિકના કચરાનો ઉપયોગ ઓછો કરવાની રીતો અંગે જાગૃતિ કેળવવી, વધતા જતા પ્લાસ્ટીકના કચરાનો ઉપદ્રવ/ઢગલાઓ નાબૂદ કરવા સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ, રોકો-ટોકો-''જાહેર સ્થળોએ જાહેર કચરો ફેંકવાનું બંધ કરો, પ્લાસ્ટિકને કાઢો, ઈકો બેગ અપનાઓ' ''પ્લાસ્ટિક સાથે નાતો છોડો, પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો તોડો, ઘરના થેલાનો સાથ જોડો'', ''સિંગલ-યુઝ પ્લાસ્ટિકને ના'' કહેવાની પ્રતિજ્ઞા લેવડાવવી, સિંગલ યુઝ પ્લાસ્ટીક ઉપયોગ બંધ કરવાનો ઠરાવ પસાર કરાવવો, MHM પર કોમ્યુનિટી રેડિયો અને પોડકાસ્ટનો પ્રચાર, સેનિટરી નેપકિન્સ, ડાયપર અને પુખ્ત વયના ડાયપરનો યોગ્ય નિકાલ કરવો, ગામડાઓ અને પ્રવેશ સ્થળોએ સ્વચ્છતા અભિયાન ચલાવો, SBM-G ની અસ્કયામતો પર રંગરોગાન કરી સ્વચ્છતાના IEC સંદેશાઓ કરાવવા, બજાર વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન અને કચરાનો સંગ્રહ અને સેગ્રિગેશન શેડમાં સેગ્રિગેશન, જળાશયો (નદીઓ, તળાવો, કૂવા, ઝરણા, ધોધ, વગેરે) નજીક સફાઈ ઝુંબેશ હાથ ધરી પ્લાસ્ટીક કચરાનો નિકાલ કરાવો, પ્લાસ્ટિક લીગઃ પ્લાસ્ટિક દો, ઝોલા લો, બસ સ્ટેન્ડ અને ગામડાના પ્રવેશ સ્થળોએ સ્વચ્છતા, ધાર્મિક સ્થળોએ સ્વચ્છતા ઝુંબેશ અને ધાર્મિક સ્થળોએ સિંગલ સમુદાયના સભ્યો, સ્વયંસેવકોને સીંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે પ્રોત્સાહનતા અભિયાન, ખુલ્લા ગામડાની ગટરોમાં ઓળખાયેલા જંકશન અને ટર્મિનેશન પોઈન્ટની સંખ્યા અને સ્ક્રીન/ કચરાપેટી સ્થાપિત કરવાની રહેશે, પ્લાસ્ટિકના કચરા, પુનઃઉપયોગ : ઘટાડો અને રિસાયકલ અંગે પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન પર સમજણ, સમુદાયના સભ્યોમાં ૪ આર (રિફ્યુઝ, રિડ્યુસ, રિયુઝ, રિસાયકલ)ની જાગૃતિ અને સમજણમાં વધારો કરી 'સફાઈ સંદેશ રેલી'- કચરાના અલગીકરણ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો, પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા અંગે જાગૃતિ લાવવા માટે અને પ્લાસ્ટિક કચરાનો ઘટાડો, કચરો સંગ્રહ વાહનની રેલી, સ્વચ્છતા કામદારોની સલામતી અને ગૌરવ પર ચર્ચા કરી વિશ્વ પર્યાવરણ દિવસના દૈનિક આયોજનમાં વલસાડ જીલ્લાના તમામ આગેવાનો/હોદ્દેદારો, પદાધિકારીઓ અને અધિકારીશ્રીઓ જોડાઈ ગ્રામજનોને જાગૃત કરવામાં આહવાન કરાયું છે. વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે નનકવાડા ગ્રામ પંચાયતમાં બેઠક કરી સૌને ખુલ્લામાં પ્લાસ્ટીક સહિતનો કચરો ન ફેકવા, સૂકો અને ભીનો કચરો અલગ આપવા માર્ગદર્શન આપ્યું હતું. પ્લાસ્ટીકના કારણે નિર્દોષ પ્રાણીઓના આરોગ્યને નુકસાન પહોંચી રહ્યું હોવાથી સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા પણ સૂચન કર્યુ હતુ. ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને ઘરે ઘરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પ્લાસ્ટીકની થેલી આપવામાં આવી રહી છે જેમાં સૂકો કચરો ભેગો કરી કચરાગાડી લેવા આવે ત્યારે આપવા જણાવ્યુ હતું.

# વિદેશી વસ્તુઓના ત્યાગ કરવાની પીએમ મોદીની અપીલ

## ઓપરેશન સિંદૂર માત્ર ભારતીય સૈન્યની જવાબદારી નથી પણ ૧૪૦ કરોડ દેશવાસીઓએ પણ વ્યક્તિગત રીતે તેમાં સહયોગ આપવો પડશે



। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વિદેશી ચીજોનો ત્યાગ કરવાની અપીલ કરી છે. ગાંધીનગરમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યા બાદ ઉપસ્થિત સમુદાયને સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર માત્ર ભારતીય સૈન્યની જવાબદારી નથી પણ ૧૪૦ કરોડ દેશવાસીઓએ પણ વ્યક્તિગત રીતે તેમાં સહયોગ આપવો પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવા માટે તથા અર્થતંત્રને ચોથા ક્રમેથી ત્રીજા ક્રમે પહોંચાડવા માટે દરેક દેશવાસીએ પ્રયાસ કરવો પડશે અને તેની શરૂઆત વિદેશી ચીજોનો વપરાશ બંધ કરીને



કરી શકાય. તેમણે જણાવ્યું કે, શહેરોમાં અને ગામોમાં વેપારીઓએ શપથ લેવા જોઈએ કે, વિદેશી ચીજોથી ભલે ગમે તેટલો નફો થાય તો પણ તેઓ તે વેચશે નહીં. આ સંદર્ભમાં વડાપ્રધાને કહ્યું કે, આપણા ગણેશજીની મૂર્તિ પણ વિદેશથી આવે છે, હોળીના રંગોની પીચકારી પણ વિદેશથી આવે છે, એ બધું બંધ થવું જોઈએ.

પીએમ નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને મેડ ઈન ઈન્ડિયા ચીજો ઉપર ગર્વ કરવા હાકલ કરતા જણાવ્યું કે, તમારી પાસે હાલ જે વિદેશી વસ્તુઓ હોય તેને ફેંકવા માટે હું નથી કહેતો, પરંતુ હવે કશું નવું ખરીદો તો વિદેશી ચીજ ન ખરીદશો અને વોકલ ફૉર લોકલ બનજો. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે, એકાદ-બે ટકા ચીજો જે ભારતમાં બનતી ન હોય તેની વાત અલગ છે, પરંતુ બાકીની મોટાભાગની ચીજો ભારતમાં બને જ છે અને દેશવાસીઓએ મેડ ઈન ઈન્ડિયા ચીજોનો આગ્રહ રાખવો જોઈએ.

## ૧૨ પાસ યુવતીએ નકલી અધિકારી બની લાખો રૂપિયા ખંખેર્યા

। (એજન્સી) વલસાડ, તા.૨૭ ।

રાજ્યભરમાં કેટલાક સમયથી નકલી અધિકારીઓનો રાફડો ફાટ્યો છે. આવી જ ઘટના વલસાડમાં સામે આવી છે. પોતે ડેપ્યુટી મામલતદાર હોવાની ઓળખ આપી એક મહિલાએ અનેક યુવકોને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી લાખો રૂપિયા ખંખેરી લીધા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પોલીસ સ્ટેશન સુધી મામલો પહોંચતા જ પોલીસે આ નકલી ડેપ્યુટી મામલતદાર અધિકારી મહિલાની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને પોલીસની તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. આ મહિલાનું નામ નિમિષા હરીશ નાયકા છે. જે મૂળ વલસાડના અંબાજ ગામની વતની છે. તેના લગ્ન તાપી જિલ્લાના સોનગઢમાં પરિમલ ચૌધરી સાથે થયા હતા, તેથી તે હાલ પતિ સાથે ત્યાં જ રહે છે. આ નિમિષાએ માત્ર ૧૨ ધોરણ સુધી જ અભ્યાસ કરેલો છે છતાં પણ પોતે નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ડેપ્યુટી મામલતદાર હોવાની ઓળખ આપી અને છેતરપિંડીનું આખું આ ષડયંત્ર આચર્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે. નિમિષાએ પોતે મોટી સરકારી અધિકારી હોવાની ઓળખ આપીને સૌપ્રથમ માનવ પટેલ નામના તેના જ એક પરિચિત મિત્રને પોતાની જાળમાં ફસાવ્યો હતો, તેને કલેક્ટર ઓફિસમાં PAની સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ૪.૭૫ લાખ રૂપિયા ખંખેર્યા હતા. જે બાદ માનવ પટેલ થકી જ પરિચિત થયેલા અન્ય ત્રણ યુવકો મળીને કુલ ચાર યુવકો સાથે તેણે ૯.૫૯ લાખની છેતરપિંડી આચરી હોવાનું તપાસ દરમિયાન બહાર આવ્યું છે. નિમિષા નાયકા પોતે ઓછું ભણેલી છે. તેમ છતાં તેણે ઉચ્ચ સરકારી અધિકારીઓના નામે ઓળખ કાર્ડ બનાવ્યા હતા. અત્યાર સુધી આ નિમિષાએ નવસારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ડેપ્યુટી મામલતદારનો હોદ્દો ધરાવે છે તેવા નકલી આઈકાર્ડ બનાવ્યા હોવાની માહિતી સામે આવી છે. નિમિષા પોતે જિલ્લાના કલેક્ટર, DDO, દિલ્હીના અધિકારીઓ અને ગાંધીનગરના અધિકારીઓ સાથે પણ સીધી સંપર્કમાં છે. નિમિષાએ આ કૌભાંડમાં ખોટા આઈકાર્ડ બનાવી અને પૈસા પડાવવા માટે પોતાના સગા સંબંધીઓના નામે સીમકાર્ડ ખરીદ્યા હતા. આ સીમકાર્ડનો તે પોતે જ ઉપયોગ કરતી હતી. આ નંબરો પરથી તે વોટ્સએપના માધ્યમથી અન્ય યુવકોને ફસાવતી અને અન્ય કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને આઈએએસ અધિકારીઓની ઓળખ આપી યુવકોને કલેક્ટર કચેરીઓમાં અને અન્ય સરકારી કચેરીમાં PA તથા ડ્રાઈવર તરીકેની નોકરી અપાવવાની લાલચ આપતી.

### વિદ્યાર્થીના ઘરથી ૧૦૦૦ ફૂટ દૂર રહેવાનો આદેશ

## સુરતમાં ૧૩ વર્ષના વિદ્યાર્થીને ભગાડી જનાર શિક્ષિકાને જામીન મળ્યા

### આ કેસમાં પોક્સો એક્ટની કલમ દૂર કરવામાં આવી છે શિક્ષિકાને શરતોને આધીન જામીન આપવામાં આવ્યાં છે

। (એજન્સી) સુરત, તા.૨૭ ।

સુરતના ૧૩ વર્ષના વિદ્યાર્થી અને ૨૩ વર્ષીય શિક્ષિકા ભાગી જવાનો મામલામાં પોલીસે શિક્ષિકા સામે પોક્સો અને અપહરણનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. ત્યારે ૨૩ વર્ષની શિક્ષિકાને શરતોને આધીન જામીન મળ્યાં છે.

શિક્ષિકા માનસી નાઈની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી છે. વકીલ દ્વારા પોક્સો એક્ટની કલમો રદ કરવા કરેલી દલીલ કોર્ટે ગ્રાહ્ય રાખી છે. આ વિશે માહિતી આપતા શિક્ષિકાના વકીલ વાજીદ શેખે જણાવ્યું કે, આ કેસમાં પોક્સો એક્ટની કલમ દૂર કરવામાં આવી છે. શિક્ષિકાને શરતોને આધીન જામીન આપવામાં આવ્યાં છે. આ શરતો જણાવતા વકીલે કહ્યું કે, ટ્રાયલ પૂરી ન થાય ત્યાં સુધી વિદ્યાર્થીના ઘરથી શિક્ષિકાએ ૧૦૦૦ મીટર દૂર રહેવું પડશે. જામીનના ત્રણ દિવસમાં શિક્ષિકાએ કાયમી સરનામું અને મોબાઈલ નંબર પુરાવા સાથે જાહેર કરવા પડશે. ઉલ્લેખનીય છે કે, શિક્ષિકા પોતાને ત્યાં ટ્યુશનમાં આવતા ૧૩ વર્ષના વિદ્યાર્થી સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. ૧૩ વર્ષના કિશોરને લઈ શિક્ષિકા ભાગી ગઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર સમગ્ર રાજ્યમાં ચકચાર મચાવનાર ૨૩ વર્ષીય શિક્ષિકા અને ૧૩ વર્ષના વિદ્યાર્થી ભાગી ગયા બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ આ બંને શામળાજી બોર્ડર પાસે મળી આવ્યા હતા.

## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વડોદરામાં ઝુમ્બા ફોર ફીટનેસ અને ગ્રીનેથોન યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે કમાટીબાગ બેન્ડ સ્ટેન્ડ ખાતેથી પર્યાવરણ જાગૃતિ સાથે ઝુમ્બા ફોર ફિટનેસ કાર્યક્રમનું આયોજન તા.૧ જૂને કરવામાં આવ્યું છે. તદ્દન નીઃશુલ્ક કાર્યક્રમમાં બાળકો સહિત પરિવારજનો તથા તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ ભાગ લઈ શકશે. ઉલ્લેખનીય છે કે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી તા.૧ જૂને કરવામાં આવે છે. પર્યાવરણ દિનની ઉજવણી અન્ય ધાર્મિક,રાષ્ટ્રીય તહેવારોની જેમ કરવાથી નાગરીકો પર્યાવરણનું મહત્વ તેમજ સભાનતા કેળવે, સમજે તે માટે આપ સૌ કોઈ આ કાર્યક્રમમાં વિનામૂલ્યે જોડાઈ શકે છે. કમાટીબાગના સુંદર વાતાવરણમાં રવિવારે, ૧, જૂન સવારે ફેમિલી/બાળકો, મિત્રો સાથે સવારે ૭ વાગ્યાથી ૯ વાગ્યા સુધી આ કાર્યક્રમમાં જોડાઈ શકશે સાથો સાથ આવનારી પેઢીમાં બાળકોને પર્યાવરણનું મહત્વ અને જવાબદારી પણ સમજાય તેઓ હેતુ માત્ર આ કાર્યક્રમનો છે.

## મહેસાણા-પાલનપુર સેક્શનમાં એન્જિનિયરીંગ કામને લીધે કેટલીક ટ્રેનો સિદ્ધપુર સ્ટેશન પર નહીં રોકાય

। અમદાવાદ, તા.૨૭ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મહેસાણા-પાલનપુર સેક્શનના દ્વોહરીકરણના સંબંધમાં સિદ્ધપુર સ્ટેશન પર ક્રૉસઓવરના શિફ્ટીંગ કામને કારણે કેટલીક ટ્રેનો સિદ્ધુપર સ્ટેશન પર નહીં રોકાય. જેની વિગતો નીચે પ્રમાણે છે :-

નીચે જણાવેલી ટ્રેનો સિદ્ધપુર સ્ટેશન પર નહીં રોકાય

૧. ૨૮ થી ૩૦ મે ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૭૯૪૩૮ આબૂરોડ-મહેસાણા ડેમૂ

૨. ૨૭ થી ૨૯ મે ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૧૯૨૨૪ જમ્મૂતાવી-સાબરમતી એક્સપ્રેસ

૩. ૨૭ થી ૨૯ મે ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૧૯૦૩૨ યોગ નગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ

૪. ૨૭ થી ૨૯ મે ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૧૯૪૧૨ દોલતપુર ચોક-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ

૫. ૨૮ થી ૩૦ મે ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતી એક્સપ્રેસ

૬. ૨૭ થી ૨૯ મે ૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૧૪૭૦૧ શ્રી ગંગાનગર-બાન્દ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ

૭. ૨૭ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૦૯૫૨ જયપુર-ઓખા અઠવાડિક એક્સપ્રેસ

૮. ૨૭ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૨૨૯૧૬ હિસાર-બાન્દ્રા ટર્મિનસ અઠવાડિક એક્સપ્રેસ

૯. ૨૯ મે ૨૦૨૫ ની ટ્રેન નંબર ૧૬૫૦૭ જોધપુર-કેએસઆર બેંગલુરૂ એક્સપ્રેસ

રેલવે યાત્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા આરંભ કરે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### લાયન્સ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨બી ૧ દ્વારા

## વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના કેબિનેટ અને ક્લબ્સ સ્કૂલિંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું





। અમદાવાદ, તા.૨૭ ।

લાયન્સ ક્લબ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ બી ૧ માટેનું આ વર્ષ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી દક્ષેશ સોની દ્વારા લાયન્સ અન્સ્ટોપેબલના સૂત્ર થી શરૂ થયું હતું અને હવે ડિસ્ટ્રીક્ટ ગવર્નર ઈલેક્ટ શ્રી પ્રકાશ અગ્રવાલના સૂત્ર હેઠળ આ ડિસ્ટ્રીક્ટ ૩૨૩૨ બી૧ ના દરેક લાઈન મિત્રો હવે સર્વિસ લાઈક એ ડાયમંડ ના જુસ્સા થી આગામી વર્ષમાં લાઈનીસમનું સર્વિસ સમાજમાં આપશે.

આ નવા વર્ષ માટે ૧૦૦ થી વધુ કેબિનેટ મિત્રો અને દરેક રિજિયનના ક્લબ્સ ના આગામી પ્રેસિડેન્ટ, સેક્રેટરી અને ટ્રેઝરર ને ટ્રેનિંગ અને મોટીવેશન આપવા માટે તાજેતરમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રીમતી ભાવના ત્રિવેદીના નેતૃત્વમાં એક દિવસીય ઈનસાઈટ - ''લર્ન ટુડે લીડ ટુમોરો'' ટ્રેનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ લાયન્સ મિત્રો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધા હતા જેમાં પાસ્ટ ઈન્ટરનેશનલ ડિરેક્ટર શ્રી પ્રવીણ છાજેડ અને ઘણા જાણીતા પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નરો એ પોતાના ટ્રેનિંગ અને આશિર્વચન આપ્યા હતા.

### ગૌરવમય સફળતા બાદ વડાપ્રધાન મોદી પ્રથમ વખત માતૃભૂમિ પર

## ગુજરાત આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાજ્યપાલે રાષ્ટ્ર મંજૂષા ગ્રંથની ભેટ આપી

### રાષ્ટ્ર નિર્માણમાં તેમના અવિસ્મરણીય યોગદાન માટે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી તેમજ રાજ્યપાલે વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, સ્વસ્થ આરોગ્ય અને રાષ્ટ્રસેવામાં સતત સફળતા માટે શુભકામનાઓ પાઠવી








। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ઓપરેશન સિંદૂરની ઐતિહાસિક અને ગૌરવમય સફળતા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત માતૃભૂમિ – ગુજરાત પધાર્યા હતા. ગાંધીનગરમાં રાજભવનમાં રાત્રિ વિશ્રામ કર્યા પછી આજે સવારે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભાવભીની વિદાય આપી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ ઐતિહાસિક વિજયના નાયક તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'રાષ્ટ્ર મંજૂષા' ગ્રંથની ભેટ આપી હતી અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના અવિસ્મરણીય યોગદાન માટે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ રાજ્યપાલે વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, સ્વસ્થ આરોગ્ય અને રાષ્ટ્રસેવામાં સતત સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી. ગાંધીનગરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાસ્વાગત સન્માનમાં યોજાયેલી સિંદૂર સન્માન યાત્રામાં હજારો મહિલાઓએ ઓપરેશન સિંદૂર બદલ વડાપ્રધાનનું સ્વાગત અભિવાદન કરી તેમને સહર્ષ આવકાર્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલી આ સન્માન યાત્રામાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીય પ્રધાન સી.આર પાટીલ પણ જોડાયા હતા. રોડ શો સ્વરૂપની સિંદૂર સન્માન યાત્રાના રૂટ પર પ્રચંડ નારીશક્તિ, દેશભક્તિના ગીતો, રૂટ પર તિરંગો, વિવિધ ઝાંખીઓ, સાંસ્કૃતિક કૃતિઓ, ભારતીય સેનાના શસ્ત્રોની પ્રતિકૃતિઓએ વાતાવરણને ઊર્જાવાન અને મનમોહક બનાવી દેતા આ યાત્રા મહાઉત્સવમાં પરિણમી હતી. સ્વર્ણિમ પાર્ક એટલે કે અભિલેખાગારથી મહાત્મા મંદિર સુધી યોજાયેલા આ દોઢથી બે કિલોમીટરના રોડ શો દરમિયાન વડાપ્રધાનની એક ઝલક જોવા માટે નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

રોડ શોના રૂટ પર હજારો મહિલાઓએ પરંપરાગત પહેરવેશ, લાલ સાડી અને સિંદુરના શૃંગાર સાથે હાથમાં તિરંગો લઈને માં ભારતીનો જયઘોષ કરતાં વડાપ્રધાન મોદી પર પુષ્પવર્ષા કરી તેમનું સ્વાગત સન્માન કર્યું હતું. દેશભક્તિના ગીતોના સથવારે આગળ વધી રહેલ ઓપરેશન સિંદૂરના પ્રણેતા પર પુષ્પવર્ષા થકી રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિનો રંગ વધારે જોવા મળતો હતો. વડાપ્રધાનની એક ઝલક જોવા માટે અને ઓપરેશન સિંદૂર માટે આભાર અભિનંદન વ્યક્ત કરવા માટે ઉમટેલા શહેરીજનોનું અભિવાદન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝીલ્યું હતું. અંદાજે દોઢથી બે કિલોમીટરના ભવ્ય રોડ શોમાં વિવિધ ૧૫ સ્ટેજ પર દેશપ્રેમની થીમ આધારિત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરતા હોર્ડિંગ્સ, તિરંગો, બ્રહ્મોસ મિસાઈલ અને રાફેલ વિમાનોના ટેબ્લો, દેશભક્તિના ગીતો, ભારતીય સેનાના શૌર્યને બિરદાવતા પ્લે કાર્ડ/બેનરોના પરિણામે સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રથમની ભાવનાથી ઓતપ્રોત બન્યું હતું. વિવિધ ધર્મ, સમાજ, વર્ગો તેમજ સંસ્થાઓના લોકો સાથે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પણ આ રોડ શોના સ્વાગત કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ રોડ શોમાં ઓપરેશન સિંદૂરની વિવિધ ઝાંખીઓ, વડાપ્રધાન મોદી અને ભારતીય સેનાના જવાનો સાથે તેજસ અને રાફેલ ફાઈટર પ્લેન તેમજ બ્રહ્મોસ મિસાઈલનું કટ આઉટ, સિંદૂર ભરેલો ઘડો, ઓપરેશન સિંદૂરની કેપ, શાસ્ત્રીય નૃત્યો, સ્વાતંત્ર્ય વીરોના પરિવેશ ધારણ કરીને આવેલા વડોદરાના કલાવૃંદો વગેરે આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. સિંદૂર સન્માન યાત્રામાં નારીશક્તિના વિવિધ સ્વરૂપના દર્શન થયા હતા. રોડ શો પૂર્ણ થયા બાદ લોકો દેશભક્તિના ગીતો પર ઝૂમી ઉઠ્યા હતા.

### ગુજરાતમાં કોરોનાનો વધતો વ્યાપ

## જામનગરમાં એક કુટુંબના ચાર સભ્યોને કોરોના

। (એજન્સી) જામનગર, તા.૨૭ ।

ગુજરાતમાં કોરોનાનો વ્યાપ વધવા લાગ્યો છે. ગુજરાતમાં કોરોનાના કેસનો આંકડો ૫૦ને વટાવી ગયો છે. તેમા સૌથી વધુ કેસ અમદાવાદમાં છે. અમદાવાદમાં કોરોનાના કેસનો આંકડો ૩૦થી વધુનો થઈ ચૂક્યો છે. લાંબા સમયથી રાહત બાદ કોરોનાએ ફરી ગુજરાતમાં દસ્તક દીધી છે. રાજ્યભરમાં હાલ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે, જેમાં હાલ ૮૩ એક્ટિવ કેસ છે. એક જ અઠવાડિયામાં કોરોનાના એક્ટિવ કેસમાં ૭૬નો વધારો થયો છે. જોકે, હજુ સુધી કોઈ મોત નોંધાયું નથી. રાજ્યના બીજા શહેરોમાં પણ કોરોનાએ દસ્તક દેવા માંડી છે. વડોદરા, સુરત, રાજકોટ જેવા મોટા શહેરો ઉપરાંત હવે ભાવનગર અને જામનગર જેવા શહેરોમાં પણ કોરોનાનો વ્યાપ વધવા લાગ્યો છે. જામનગરમાં એક જ કુટુંબના ચાર સભ્યો કોરોના પોઝિટિવ થયા છે. આ ઉપરાંત શહેરમાં અન્ય ત્રણ વ્યક્તિઓ પણ કોરોના પોઝિટિવ છે.શહેરના ગોકુલનગરમાં એક વ્યક્તિ કોરોના પોઝિટિવ છે. જ્યારે ઘાંચીવાડમાં એક અને ગોકુલનગરમાં એક વ્યક્તિ કોરોના પોઝિટિવ છે. આમ જામનગરમાં એક જ દિવસમાં કોરોનાના સાત કેસ આવ્યા હતા. એક જ કુટુંબના ચાર સભ્યોને કોરોના આવ્યો તેમનો કેરલ ટ્રાવેલ હિસ્ટરી હતો. હાલમાં જામનગરમાં કોરોનાના દસ એક્ટિવ કેસ છે. તમામ કોરોનાગ્રસ્ત વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવી છે. આમ શહેરમાં કોરોના વેરિયન્ટ ચિંતાજનક હદે વધી રહ્યો છે.

આ જ રીતે ભાવનગરમાં પણ કોરોનાનો વધુ એક કેસ નોંધાતા તંત્ર એલર્ટ થઈ ગયું છે. શહેર અને જિલ્લામાં ચાર દિવસમાં કોરોનાના કુલ ત્રણ કેસ નોંધાયા છે. ૩૬ વર્ષના યુવાનનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. કાળા નાળા વિસ્તારમાં રહેતો યુવાન કોરોનાગ્રસ્ત થયો છે. કોરોનાના બે એક્ટિવ કેસ છે, બંને દર્દી હાલમાં હોમ ક્વોરેન્ટાઈન છે અને ઘરે સારવાર હેઠળ છે. ભાવનગરમાં કોરોનાની રિએન્ટ્રીથી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. આ સિવાય રાજ્યના બધા શહેરોની સરકારી હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ૧૯ મેના દિવસે ગુજરાતમાં કોરોનાના ૭ એક્ટિવ કેસ હતા.